સુવિચાર

સ્વામી વિવેકાનંદે કહેલું નિષ્ફળતાથી ન ડરો, નિષ્ફળતા તમારા મનને અને સંકલ્પને વધુ દ્રઢ કરે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૧૧/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૮૫


## કેન્દ્રીય રાજય મંત્રી અશ્વિનીકુમાર ચૌબેની ઉપસ્થિતિમાં

# લાઠીનાં દુધાળા ખાતે 'જળ ઉત્સવ'નો સમાપન સમારોહ યોજાયો

આપણે પ્રકૃતિની રક્ષા કરીશું તો પ્રકૃતિ આપણી રક્ષા કરશે : ચૌબે

જળ સંરક્ષણનાં પુનિત કાર્ય થકી સુકી જમીન જીવંત બની રહી છે

૧૦ દિવસીય જળ મહોત્સવમાં અનેક લોકોએ મુલાકાત લઈને જળ સંગ્રહની પ્રેરણા મેળવી

પદાધિકારીઓ અને અધિકારીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૫ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લાઠી તાલુકાના દુધાળા ગામ ખાતે તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૩ના રોજ રાજયના પ્રથમ ૧૦ દિવસીય 'જળ ઉત્સવ ૨૦૨૩'ને ખુલ્લો મૂકયો હતો. રાજય સરકાર તથા ધોળકિયા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે ગાગડિયો નદીના કાંઠે જળ સંરક્ષણના અનેકવિધ કાર્યો સંપન્ન થયા છે, જેને વધાવવા તથા પ્રવાસનને વેગ આપવા, રોજગારીની તકોનું સર્જન થાય ઉપરાંત આસપાસની સૂકી જમીનમાં હરિયાળી પથરાઈ તેવા ઉમદા ઉદ્દેશ સાથે લાઠીના દુધાળા ખાતે જળ ઉત્સવ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતુ.

અનુસંધાન પાના ૬ ઉપર

### કળીયુગમાં અવનવી ઘટનાઓ બની રહી છે

## લ્યો બોલો : બાબરાનાં નીલવડા રોડ ઉપર બકરાની ચોરીની ઘટના બની

### કોઈ શખ્સો બકરાને વાહનમાં ભરી લઈ ગયા

અમરેલી, તા. ૨૫, બાબરા ગામે નીલવડા રોડ ઉપર આવેલ મેલડી માતાજીનાં મંદિર પાસે આવેલ ગૌશાળા પાસેનાં પતરાવાળા શેડમાં બાંધેલા ૮ બકરા કિંમત રૂા. ૨૪૦૦૦નાં ગઈકાલે રાત્રીનાં સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો શેડની દીવાલ તોડી બકરાને કોઈ વાહનમાં ચારો કરી લઈ ગયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.













# ધારીનાં ચરખા ગામે સરકારી દવાખાનાનું લોકાર્પણ કરાયું







ચરખા ગામે નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં વરદ્ હસ્તે સરકારી દવાખાનાનો તેમજ સીસીટીવી કેમેરાનો લોકાર્પણ કાર્યક્રમ તથા રોડનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ તકે તાલુકા પંચાયત સદસ્ય બાબાભાઈ વાળા, હર્ષદભાઈ રાવળ તથા સરકારી દવાખાનુંબનાવવા માટે ભૂમિદાન કરનાર ભુપતભાઈ ધકાણ તથા ચરખા ગામનાં ઉદ્યોગપતિ કડવાભાઈ ગજેરા, ચરખા ગામના સરપંચ કાંતિભાઈ અંટાળ । હાજર રહેલ. ચરખા ગામમાં ખોડિયાર માતાજીનો નેજો ચડાવવાનો કાર્યક્રમ પણ હતો. આ તમામ કાર્યક્રમની જહેમત ચરખા ગામના સરપંચ કાંતિભાઈ અંટાળાએ ઉઠાવી હતી.

## ઉનાનાં રાતડ ગામે રૂપિયા ૧.૩૫ લાખનાં મુદ્દામાલની ચોરી

ઉના, તા. ૨૫

હાલ શિયાળાની ઠંડીની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ઠંડીમાં તસ્કરો સક્રિય બન્યા હોય તેમ ચોરીની ઘટનાને અંજામ આપી પોલીસને ખુલ્લી ચેલેન્જ ફેંકી હોય તેમ ઉનાના રાતડ ગામે રહેતા મોંઘીબેન બચુભાઈ મેવાડા સંયુકત કુટુંબમાં રહેતા હોય ત્યારે રાત્રિનાં સમયે પરિવાર વાળું પાણી કરી સુઈ ગયેલ હોય અને સવારના સમયે મોંઘીબેનનો દીકરો ઉઠતા ઘરનો દરવાજો તૂટેલી હાલતમાં જોવા મળતા પરિવારે ઘરમાં તપાસ કરતા ઘરમાં રહેલ પતરાની પેટીઓ તથા સુટકેશમાં રહેલ સોના, ચાંદીના, દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ ૧ લાખ ૩૫ હજારની ચોરી કરી નાસી જતાં ઉના પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ઉના પોલીસ સબ.ઈન્સ.એચ.કે.વરૂએ તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા

## ગીરગઢડાનાં જરગલી ખાતે વિશ્વ શાંતિ મહાયજ્ઞ યોજાયો

### આજે મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાશે

ઉના, તા.૨૫

ગીર ગઢડાના જરગલી ગામે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્માણ કરાયેલ નુતન મંદિર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે વિશ્વ શાંતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ આજ તા.૨૬ નવેમ્બરના રોજ પૂજય અક્ષરચરણ સ્વામીના વરદ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવશે જેમાં સંતો તેમજ હરિભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

ગીર ગઢડા તાલુકાના જરગલી ગામે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા વિશ્વ શાંતિ મહાયનું આયોજન કરવામાં આવ્યું હતું એક તરફ રશિયા અને યુક્રેનનું ઘણા લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે બીજી તરફ અનેક દેશની નારાજગી પણ જોવા મળી રહી છે અને એટલા માટે જ વિશ્વનું કલ્યાણ થાય અને એકબીજા ધર્મના લોકો દેશ અને દુનિયામાં હળી મળીને રહે તેના માટે જરગલી ગામે વિશ્વ શાંતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૫ જેટલા યજ્ઞ કુંડમાં ૧૦૮ જેટલા યજમાનોએ લાભ લીધો હતો જેમાં સાધુ વિનમ મુનિદાસ,સાધુ અખંડમંગળદાસ, સાધુ સરળ મૂર્તિદાસ સહિતના સંતો દ્વારા જાતે રસોઈ બનાવી તમામ હરિભક્તોને પ્રસાદ સ્વરૂપે પીરસાઈ હતી તેમજ જરગલી ગામે નિર્માણ કરેલ નુતન મંદિર ખાતે આજ રોજ તા.૨૬ નવે.ને રવિવારના સવારે ૮ વાગ્યે પુજય અક્ષરચરણ સ્વામીના વરદ હસ્તે મુર્તિ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

પ્રતિષ્ઠા કરી ૯:૩૦ વાગ્યે ઉત્સવ સભા અને બપોરના ૧૨ વાગ્યે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સંતો, હરિભક્તો, રાજકીય આગેવાનો તેમજ સમસ્ત જરગલી ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

## બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચુકવાઈ


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૫

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની બગસરા શાખા ના સભાસદ શ્રી જયાબેન નરસિંહ ભાઈ પરમારનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારો ને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી. હરિભાઈ ભટ્ટી, શાખા સેક્રેટરી હેમેન્દ્રભાઈ કંટેશીયા, પ્રકાશભાઈ પાઘડાળ સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવેલ.

### આજથી ૧૫ વર્ષ પહેલા ગૌરવ દિનની ઉજવણી બાદ યોગ્ય રીતે સફાઇ કાર્ય થયુ ન હોવાથી

## અમરેલી શહેરમાં ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન ૩૬૫ દિવસ સુધી શરૂ રાખવુ જરૂરી

### જાહેર સ્થળો, જાહેર શૌચાલય, જાહેર માર્ગો પરની ગંદકી દુર થતી નથી











અમરેલી, તા. ૨૫

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. જિલ્લાભરમાંથી નાગીરકો ખરીદી, આરોગ્ય, શિક્ષણ કે વહીવટી કામને લઈને આવતા હોય છે અને શહેરમાં જોવા મળતી ગંદકીથી તેઓમાં પણ આશ્ચર્ય અને રોષ ઉભો થતો હોય છે.

તાજેતરમાં વહીવટી તંત્ર દ્વારા મોટા ઉપાડે ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનની ઔપચારિકતા પૂર્ણ કરવામાં આવી કારણ કે અભિયાનની સમાપ્તિ બાદ હજુ પણ શહેરમાં ગંદકીની સમસ્યા દુર થઇ નથી.

શહેરના જાહેર સ્થળો, જાહેર માર્ગો, જાહેર શૌચાલયોમાં ભયાનક ગંદકી જોવા મળી રહી છે. પાલિકા કચેરીના દરવાજા નજીક વ્યાપક પ્રમાણમાં માર્ગ ઉપર ધૂળની ચાદર જોવા મળી રહી હોય વાહનોની સતત અવરજવરના કારણે ધૂળની ડમરીઓ માર્ગ પર ઉડતી જોવા મળે છે.

શહેરમાં અનેક માર્ગો પર કોઈ મોટા વાહનની પાછળ ટુ–વ્હીલર લઈને નીકળવુ મુશ્કેલ બની રહયું છે. કારણ કે, વાહન પસાર થયા બાદ પાછળના ટુ–વ્હીલર ચાલક ઉપર ધૂળનો વરસાદ થતો હોય તેવું જોવા મળી રહયું છે.

શહેરના ચિતલ રોડ પર બનાવવામાં આવેલ કહેવાતા બ્યુટિફિકેશનમાં નૂતન હાઈસ્કૂલ નજીક કે એરપોર્ટના બ્યુટિફિકેશનની કયારેય સફાઇ થતી નથી. તો આયુર્વેદિક હોસ્પિટલ, જિલ્લા બેન્ક સામે ટાઉન હોલ નજીક, નદી કાંઠા વિસ્તાર સહિત ઠેકઠેકાણે ગંદકીના ગંજ ખડકાયેલા જોવા મળી રહયા હોય શહેરમાં ૩૬૫ દિવસ સુધી ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન શરૂ રહે તેવું શહેરીજનો ઈચ્છી રહયા છે.

### રાજુલા નજીક આવેલ

## સમઢીયાળા–૧ ગામે પ્રેમલગ્ન કરવાનાં મનદુઃખમાં ૯૦ વર્ષિય વૃધ્ધાને કુહાડી ઝીંકી

### પૌત્રએ ૪ વર્ષ પહેલા પટવા ગામની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા


અમરેલી, તા. ૨૫,

રાજુલા તાલુકાનાં સમઢીયાળા–૧ ગામે રહેતા ૯૦ વર્ષિય વૃધ્ધ રાજીબેન નારણભાઈ ચૌહાણનાં પૌત્રનાં પ્રેમલગ્ન ચારેક વર્ષ પહેલા પટવા ગામે રહેતા મનજીભાઈ હરીભાઈ ગુજરીયાની દીકર દયાબેન સાથે થયેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી આરોપી મનજીભાઈ ગુજરીયા સહિત ૭ જેટલા લોકોએ ગત તા. ૨૩નાં રોજ સાંજે વૃધ્ધાનાં ઘરે જઈ વૃધ્ધાને ગાળો આપી કુહાડી મારી દીધી હતી. જયારે વૃધ્ધાનાં પુત્રવધુ તથા પૌત્રીને મુંઢમાર મારી પછાડી દઈ ગાળો આપી ધમકી આપ્યાની વૃધ્ધાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# જુના વાઘણીયાનાં રામાપીર આશ્રમે ૧૪ મો સમુહ લગ્નોત્સવ યોજાયો








તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ પાસેનાં જુના વાઘણીયા ખાતે આવેલ ભકતધામા ગૌશાળા તથા હિન્દવાપીર આશ્રમનાં મહંત જસા ભગત દ્વારા દર વર્ષ યોજાતા સમુહલગ્નોત્સવમાં આ વર્ષ ૨૭ જેટલા નવ દંપતિઓ પ્રભુતામાં પગલા પાડીને નવા સંસારની સુભ શરૂઆત કરી હતી. આમ સામાન્ય પરિવારો માટે આશિવાંદ સમાન સમુહ લગ્નમાં આયોજક આશ્રમ દ્વારા ભરપુર કરીયાવર સાથે પોતાનાં આંગણે પ્રસંગ હોય તેવુ વાતાવરણ સાથે તમામ સુવિધાઓ આપવામાં આવેલ છે. જયારે સમસ્ત સેવકગણ દ્વારા તનમનધનથી યોગદાન આપીને સમુહ લગ્નને સફળ તામાં મહત્વની સેવા આપે છે. આમ દર વર્ષે યોજાવા સમુહલગ્નોમાં તેમજ ભવ્ય રામા મંડળ પણ રાખવામાં આવે છે. આ વર્ષે તા.૧૮/૧૧/૨૦૨૩નાં રોજની શ્રીમદ ભાગવત પારાયણનું સુંદર આયોજન કર્યુ હતું. ત્યારબાદ તા.૨૫/૧૧/૨૩ ના રોજ ૧૪ માં સમુહ લગ્નમાં ગામ તેમજ તાલુકાનાં સેવકો આગેવાનો તેમજ વિવિધ ધર્મનાં સંતો પધારીને આશ્રમનાં મહંત જસાભગતને અભિનંદન આપીને સન્માનીત કર્યા હતા. આમ આશ્રમ ખાતે ભવ્ય ગૌશાળ । પણ આવેલી છે.। જેમાં બીમાર વૃદ્ધા ગાયોની નિભાવ કરી સાથે માનવ સેવા પણ કરીને ખરા અર્થમાં સંત દ્વારા માનવ સેવા તેમજ ગૌ સેવાનું ભગીરથ કાર્ય આ આશ્રમ ખાતે થઈ રહયું છે. ત્યારે આ સમુહ લગનમાં સુંદર વ્યવસ્થા સાથે ભોજન સાથે મળતા કરીયાવર આપવામાં આવ્યો હતો આ પ્રસંગે જોવા માણવા હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટયુ હતુ. આમ સમસ્ત સેવક ગણ દ્વારા સુંદર આયોજન સાથે પુરી વયસ્થાની પુરી પાડવામાં આવી હતી.

## અમરેલી જિલ્લા પંચાયતનાં પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુંમરે મહિલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી

# ભાજપનાં રાજમાં મહિલાઓ પર અત્યાચારનાં પ્રમાણમાં ચિંતાજનક વધારો

**મહિલા માટે અનામત બિલ પસાર કરવામાં સરકાર કોઈ સમયમર્યાદા જ નક્કી કરી નથી**

**૧૦ વર્ષ પછી પણ મહિલાઓને વિધાનસભા કે લોકસભામાં અનામત મળશે કે કેમ તે નક્કી નથી**

**રાજયમાં દર વર્ષે ૫૫૦થી વધુ મહિલાઓ ઉપર બળાત્કારની ઘટના બનતી હોવાનું જણાવ્યું**

**મહિલાઓ પર સામૂહિક દુષ્કર્મ, એસિડ એટેક જેવી ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે**

અમરેલી, તા. ૨૫

મહિલા અનામતનું સંસદમાં બિલ પસાર થઈ રહ્યું છે તેની અમલવારી ઘણા લાંબા સમય પછી કરવાની છે, થશે કે કેમ તે બાબત ઉપર મહિલાઓમાં શંકા પ્રવર્તિ રહી છે. મહિલાઓ સાથે છેતરપીંડીનું બિલ છે, મહિલા વિરુધ્ધ હિંસા નિવારણ દિવસમાં ગુજરાતની મહિલાઓની શું પરિસ્થિતિ છે તે બાબતે આંકડાકીય માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન ૨૧૫૬ મહિલાઓ ઉપર બળાત્કારના કિસ્સા નોંધાયા છે અને જે નોંધાયા નથી તેના



આંકડા તો અનેકગણા છે. સરકારી આંકડા પ્રમાણે દર વર્ષે ૫૫૦ મહિલાઓ બળાત્કારનો ભોગ બને છે નોંધાયા વગરનાં કિસ્સા કેટલા છે એ તો ભગવાન જ જણાવી શકે, ગુજરાતમાં ૩૭૬૨ મહિલાઓ તેમની ઉપર અત્યાચારની ફરિયાદ નોંધાવી ચુકી છે દર મહિને ૧૦૦ મહિલાઓ ઉપર અત્યાચાર થાય છે. ભાજપનું ગુજરાતમાં ઘણા લાંબા સમયથી શાસન ચાલે છે અને દેશમાં ભાજપનું શાસન આવ્યા પછી માત્ર ૨૦૧૮ થી ૨૦૨૧ની માહિતી પ્રમાણે અનેક મહિલાઓ ઉપર એસિડનાં એટેક થયા છે. સામુહિક બળાત્કારનાં પણ કેસો નોંધાયા છે. છેલ્લા ૫ વર્ષ દરમ્યાન ૬૦થી વધારે મહિલાઓ ઉપર સામુહિક બળાત્કારના કિસ્સાઓ નોંધાયા છે. દર વર્ષે ૨૫૦ થી ૩૦૦ મહિલાની હત્યા થઈ રહી છે, હજારોની સંખ્યામાં મહિલાઓ ઘરેથી નીકળી ગયા પછી તેમનો હતો-પતો નથી, અનેક નાની યુવાન દીકરીઓનાં અપહરણ થયા છે, સ્કૂલ, કોલેજમાં અભ્યાસ કરતી દીકરીઓના અપહરણ થયા પછી તેનો પણ હતો-પતો મળતો નથી. ત્યારે ગુજરાતમાં કઈ સલામતી છે તે મહિલાઓ હવે વિચારવાની જરૂરિયાત ઉભી થઈ છે. કોઈપણ બહેનને દુઃખ પડે તો ૧૫ પૈસાનું પોષ્ટકાર્ડ લખવાની વાતો કરનારા ભાઈ આજે દિલ્હીમાં બેઠા છે અને તેમની બહેનોની સલામતી છે કે કેમ તે ભાઈએ કયારેય તપાસ કરી છે ખરી ? હવે ગુજરાત ગાંધી, સરદારનું ગુજરાત નહીં પણ અત્યાચારી ગુજરાત બન્યું છે. આ ગુજરાત મોડલ આખા દેશમાં લાગું પડશે તો દેશની શું પરિસ્થિતિ થશે તે મહિલાઓએ પણ વિચારવાનો સમય પાકી ગયો છે તેવો એક વેધક સવાલ સાથે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમરે જણાવ્યું હતું. ગુજરાત સરકાર આ બાબતે શું કહેવા માંગે છે અને મહિલા પ્રધાનો આ બાબતે શું કહેવા માંગે છે તેનો ખુલાસો કરે તેમ એક પ્રેસ નિવેદન કરી જણાવ્યું હતું.

## સામાજિક અને અધિકારીતા મંત્રીને તાલુકા ભાજપનાં ઉપપ્રમુખે પત્ર પાઠવ્યો

# બાબરા તાલુકામાં વૃદ્ધ અને નિરાધાર સહાયનો હુકમ ઓનલાઈન પોર્ટલ પર જનરેટ કરવા રજૂઆત

**મોટી સંખ્યામાં નિરાધાર અને વૃદ્ધ લોકો સહાયથી વંચિત બન્યા**

બાબરા, તા. ૨૫

બાબરા તાલુકામાં નિરાધાર અને વૃદ્ધ સહાયની લાયકાત ધરાવતા અસહાય લોકો ઓનલાઈન અરજી કરી સહાયનો લાભ રાજય સરકારમાંથી મેળવતા હોય અને તેનો હુકમ ઓનલાઈન થતા લાભાર્થીને સહાય બેંકના ખાતામાં જમા થતી હોય છે પણ પાછલા સમયથી ઓનલાઈન પોર્ટલ પર હુકમ જનરેટ નહિ થવાના કારણે નિરાધાર વૃદ્ધ અને વૃદ્ધ સહાય યોજનાના લાભાર્થી યોજનાથી વંચિત બન્યા છે.

બાબરા તાલુકા ભાજપ ઉપ પ્રમુખ કિરીટભાઈ બગડા દ્વારા



રાજય સરકારના સામાજિક અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાને પત્ર પાઠવી રજૂઆત કરેલ છે કે રાજય સરકારની વિવિધ યોજના થકી વૃદ્ધ તેમજ નિરાધાર વૃદ્ધ લોકોને મળતી સહાય અરજીઓ ગુજરાત ડિજિટિલ પોર્ટલ પર કરવામાં આવે છે ઘણા સમયથી અરજીઓ કરવામાં આવી છે પણ પોર્ટલ પર અરજી મંજુરનો હુકમ જનરેટ નહિ થતા અરજદારને સહાય સમય મર્યાદામાં મળતી નથી. જેના કારણે નારાજગી જોવા મળી છે.

જેથી સત્વરે ઓનલાઈન અરજી કરેલ છે તેના હુકમ મંજુર કરી ઓનલાઈન જનરેટ કરવામાં આવે.

# લીલીયા રેલ્વે સ્ટેશન ખાતે કેન્દ્રીય મંત્રીનું કરાયું સન્માન





લીલીયા, તા. ૨૫

લીલીયા મોટા રેલ્વે સ્ટેશન ખાતે કેન્દ્રીય વન અને પર્યાવરણ કેબિનેટ મંત્રી અમરેલી જિલ્લાનાં પ્રવાસે હોય ત્યારે કેન્દ્રીય મંત્રી અશ્વિનીકુમાર ચોબેનું કરાયું સન્માન. લીલીયા મોટા ખાતે વહેલી સવારે કેન્દ્રીય મંત્રી રેલ્વે મારફત લીલીયા રેલ્વે સ્ટેશન ખાતે પધારેલ હોય જેમનું સ્વાગત સન્માન જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરિયાનાં અધ્યક્ષ સ્થાને કરાયું. આ તકે જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી જીગ્નેશ સાવજ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, આનદ ધાનાણી, કાનજીભાઈ નાકરાણી, ભીખાભાઈ ધારૈયા, ભરતભાઈ હેલૈયા, કેપ્ટન ધામત સહિતના ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ તેમજ ભાજપ પાર્ટીના હોદ્દેદારો સહિત વહીવટી તંત્ર દ્વારા કેન્દ્રીય મંત્રી અશ્વિનીકુમારનું લીલીયા રેલ્વે સ્ટેશન ખાતે સ્વાગત સન્માન કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## સરકારની વિવિધ યોજનાઓનો લાભ જન-જન સુધી પહોંચાડવાનો નિર્ધાર

# અમરેલી જિલ્લામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નાં પ્રારંભે ૧૦ ગામના નાગરિકો યોજનાકીય લાભોથી માહિતગાર થયા

**મહિલાઓ, વિદ્યાર્થીઓ, રમતવીરો સહિતનાં વ્યકિત વિશેષનું સન્માન**

અમરેલી તા. ૨૫

વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીનાં સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાનાં સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો અમરેલી જિલ્લાના પાંચ તાલુકાઓમાં પ્રારંભ થયો હતો. જેમાં ૧૦ ગામડાઓના ૧,૬૮૯ નાગરિકોએ આ કાર્યક્રમમાં ઉપિથિત રહી યોજનાકીય વિગતો અને માહિતી મેળવ્યા હતા. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નાં પ્રથમ દિવસ, તા.૨૪ નવેમ્બર, ૨૦૨૩ના રોજ આરોગ્ય કેમ્પમાં ૩૪૮ નાગરિકોએ આરોગ્ય ચકાસણી, ૪૭ નાગરિકોએ ટીબી ટેસ્ટ કરાવ્યા હતાં. માય ભારતમાં ૭૨ સ્વયંસેવકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના માટે ૭૧ રજીસ્ટ્રેશન થયું હતું. ૧૩ મહિલાઓ, ૨ વિદ્યાર્થીઓ, ૨ સ્થાનિક રમતવીરો, ૨ સ્થાનિક કલાકારોને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

'મેરી કહાની મેરી ઝુબાની'નાં ૩૧ લાભાર્થીઓ હતા. ૨૧૩ નાગરિકોએ ભારતનાં વિકાસ માટે સંકલ્પ લીધા હતા. જમીન આરોગ્ય ચકાસણી નિદર્શનનો ૨૬ લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો. પ્રાકૃતિક કૃષિ બાબતે ૩૭ ખેડુતોએ માર્ગદર્શન મેળવ્યું હતું. આયુષ્યમાન કાર્ડ, જનધન, પીએમ કિસાન અને જળ જીવન મિશન (હર ઘર જલ)ની સંતૃપ્તિ માટે ૩૬ લાભાર્થીઓને વિગતો આપી યોજનાકીય લાભ પહોંચાડવા કાર્યવાહી કરવામાં આવી. ખુલ્લામાં શૌચ ન થાય તે માટે ૮ નાગરિકોને માહિતગાર કરી તેમને શૌચાલયની સુવિધાનાં લાભો મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું. ૧૦ નાગરિકોએ તેમના જમીનને લગતા રેકર્ડસનું ડિજિટલાઇઝેશન કરાવ્યું. ૧૨૩ લાભાર્થીઓએ આયુષમાન કાર્ડ માટેની પ્રક્રિયા કરી અને ૬૫ આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. મહત્વનું છે કે, તા.૨૪ નવેમ્બરે અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા, રાજુલા, ધારી, કુંકાવાવ વડિયા, બાબરા તાલુકામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ થયો હતો. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નાં પૂર્વનિર્ધારિત રૂટ મુજબ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ધારી તાલુકાઓના ગામડાઓમાં તા.૨૪ નવેમ્બરથી તા.૨૯ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. જયારે સાવરકુંડલા તાલુકામાં તા.૨૪ નવેમ્બરથી તા. ૧ જાન્યુઆરી,૨૦૨૪ સુધી પરિભ્રમણ કરશે. કુંકાવાવ તાલુકામાં તા.૨૪ નવેમ્બરથી તા. ૧૬ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. રાજુલા તાલુકામાં આ યાત્રા તા.૨૪ નવેમ્બરથી તા.૨૮ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. બાબરા તાલુકામાં તા.૨૪ નવેમ્બરથી તા.૨૨ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. મહત્વનું છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ- જલજીવન મિશન, દીનદયાલ અંત્યોદય યોજના, જીવન જયોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટીલાઈઝર યોજના, સ્વામિત્વ યોજના, જનધન યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, પ્રાકૃતિક કૃષિ અને રસાણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જનકલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

આકર્ષક પગારથી માણસ જોઇએ છે
પેટ્રોલ પંપ તથા સ્ટોન ક્રશરમાં વહીવટી કામ કરી શકે તેવા તેમજ બેંકના કામના જાણકાર
એકાઉન્ટન્ટ કમ ઓપરેટર
ની જરૂર છે. આકર્ષક પગાર આપવામાં આવશે.
સંપર્ક : નિલવડા, તા. બાબરા.
મો. ૯૯૭૮૩ ૯૭૩૬૮ ■ ૯૯૦૯૬ ૦૯૫૬૯ ■ ૯૭૧૨૫ ૫૨૪૪૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦





















# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

તા. ૨૬-૧૧-૨૦૨૩


**પ્રકરણ-૧૬૦**

**'મુઝ કો યારો માફ કરના.. મે નશે મે હું'**

**'કદમ કદમ સે દિલ સે દિલ મિલાએજા'**

પ્રિય વાચક મિત્રો ,

૧૯૫૯ નાં ફિલ્મી સફરનાં અંતિમ તબક્કામાં આપણે જઈ રહ્યા છીએ, અહીં આપણે રાજ કપૂરની પાંચ ફિલ્મોની વાત કરીશું, રાજ કપૂર માટે આ વર્ષ દરેક વર્ષની જેમ સફળ રહ્યું, તેમની પાંચ ફિલ્મો પૈકી એક સેમી હિટ, એક હિટ અને બે ફિલ્મ સુપરહિટ સાબિત થઈ. પણ રાજ કપૂરનાં પોતાના આર કે બેનરમાં એક પણ ફિલ્મ આ વર્ષે નથી, આ વર્ષ ની નંબર વનફિલ્મ પણ રાજ કપૂરનાં ફાળે ગઈ છે, ૧૯૫૫ માં રાજ કપૂર અને નરગિસની સુપર હિટ ફિલ્મ શ્રી ૪૨૦ બાદ રાજ કપૂરે ૧૯૫૫ માં જાગતે રહો ફિલ્મનું નિર્માણ કરેલ. જેમાં નરગિસ માત્ર એક દ્રશ્ય પૂરતા દેખાયા હતા, પણ ૧૯૫૫ બાદ રાજ કપૂરનાં બેનરમાં ૧૯૬૦માં સુપર હિટ ફિલ્મ આવશે,

જાણે નરગિસ તેમની ફિલ્મમાં ના હોય અને રાજ ફિલ્મ બનાવવા ના માગતા હોય તેવું છેલ્લા પાંચ વર્ષમાં જોવા મળ્યું છે, તેમ છતાં રાજ કપૂર તે સમયની ત્રિપુટી દેવ દિલિપ અને રાજમાં જોડાયેલા રહ્યાં હતાં.

અન્ય નિર્માતા નિર્દેશકોની ફિલ્મો તેમણે સુપર હિટ સુધી પહોચાડી હતી, પણ તકલીફ તેમની સાથેની મુખ્ય અભિનેત્રીની હતી, અને તે ખોટ રાજ કયારેય પૂરી કરી શકયા નહીં. રાજ નરગિસ, દેવ સુરૈયા અને દિલિપ મધુબાલાના પ્રેમની સાથે એક વધુ નામ ગુરૂદત અને વહિદાનો પણ અહી ઉલ્લેખ કરવો જોઈએ, કારણ કે આ એવી




જોડીઓ હતી, જે દર્શકોને પસંદ હતી, સાથે આ જોડીનાં નાયક અને નાયિકા પણ એકબીજાને પસંદ કરતાં હતા, પણ સમય અને સંજોગોએ તેમને એક થવા દીધાં નથી, જેની વાત આપણે કરી ચૂકયા છીએ.

રાજ કપૂરની બે ફિલ્મોની અહી વાત આજે કરીશું. ઉપરના ગીત મે નશે મે હું આજેપણ કોઈ શરાબી પકડાઈ એટલે ન્યૂજપેપરમાં શીર્ષક જોવા મળતું હોય છે, હાલ તો મોબાઈલ કિલપ અને રિલ્સનો ઝમાનો છે, જેમાં પણ શરાબીને લગતી વિડીયોમાં આ ગીત સાંભળવા મળે છે,

નશો ખુબ જ ખરાબ ચીજ છે, પછી તે શરાબનો હોય કે દોલતનો, બદલાનો હોય કે પ્રેમ નો, નશો એવો ચડે છે કે તેમાં માનવી કઈ હદ સુધી જઈ શકે છે તે કહેવું મુશ્કેલ હોય છે,

મે નશે મે હું – વર્મા ફિલ્મ્સનાં બેનરમાં જેણે માત્ર બે જ ફિલ્મો બનાવી છે, તેમાં આ છેલ્લી ફિલ્મ એવરેજ સફળ રહી હતી, નરેશ સાઈગલનાં નિર્દેશન અને વર્મા ફિલ્મસનાં બેનર જગદીશ કનવલની કહાની અને સ્કીન પ્લે, કૃષ્ણ સાઈગલનાં સિનેમા ઓટોગ્રાફી, બી.એસ.નાદનું એડિટિંગ, શૈલેન્દ્ર અને હસરત જઈપૂરી અને મિર્ઝા ગાલિબનાં ગીતો અને શંકર જયકિશનનાં સંગીત સાથે, રાજકપુર, માલા સિંહા, નીશી, મુબારક, લીલા ચિટનીસ, ધુમાલ, હેલેન અને નાસિર હુસેનથી અભિનીત આ ફિલ્મ શરાબી વ્યકિતનાં જીવન પર આધારિત છે, શરાબથી પરિવારિક કેવી તકલીફો

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

પડે છે,


ગેર રસ્તે જવાથી પરિવાર કેમ બરબાદ થાય છે તેની કહાની અને સંદેશ સાથેની આ ફિલ્મ એવરેજ સફળ રહી હતી.

રાજ એક સમૃદ્ધ પરિવારનો યુવાન પુત્ર છે, તેના પિતા મુબારક એક જજ છે, અને માલા તેને મનોમન ચાહે છે, જે તેની કુટુંબ થી નજીક છે, રાજ એકવાર શરાબ અને કોઠા પર મુઝરો જોઈ ઘરે આવે છે, ત્યારે તેના પિતા તેને તે હાલતમાં જોઈ રાતે કશું કહતા નથી, પણ સવારે કહે છે કે મુબારકનાં પિતા નાસિર જેણે શરાબ અને મુઝરાનાં વ્યસન થી બે વ્યકિતની હત્યા કરી દીધી અને તેની માતા અને તેને બેસહારા કરી દીધા, તે તેના પિતાના નામથી નફરત કરે છે, સુખી નાસિર સમાજમાં બદનામ થયો અને તેની પત્ની અને બાળકને તે ગામ છોડવું પડયું, તેની માતાએ ઘણા દુઃખ સહન કરી તેને ભણાવ્યો અને તે જજ બન્યો, તેના પિતા નાસિરને જન્મ ટીપની સજા થઈ, અને તે તેના પિતાને ભૂલી ચૂકયો છે, પણ પુત્રને તે રસ્તે જતો જોવા માંગતો નથી . રાજને તેના દાદાનું નામ ધર્મ પાલ છે, તેટલી જ ખબર છે.

જજ મુબારક એક કલબ ચલાવતી યુવતી નીશીનાં પ્રેમીને ફાંસી અને તેને એક વર્ષની સજા એક જુર્મમાં આપે છે, નીશી જેલથી છૂટી બદલો લેવા રાજને મોહરો બનાવે છે, તેને મોહજાળના બંધનમાં બાંધી પ્રેમનું નાટક રચી, શરાબનાં રવાડે ચડાવી દે છે, રાજને પ્રેમ કરતી માલા, અને તેના માતા પિતાની વાત પણ રાજ સાંભળ તો નથી, તે જ સમયે રાજના દાદા નાસિર જેલથી છૂટે છે, તે તેના મિત્રથી તેના પુત્ર મુબારક વિશે જાણે છે, તે એક જજ છે, તે જાણી તે ખુશ થાય છે, પણ તેનો પુત્ર તેને નફરત કરે છે,

જાણી એક દિવસ રાજને મદદ કરતાં કરતાં તે ત્યાં પહોચી એક નોકર તરીકે રહી જાય છે, રાજથી નાના પોતાના પુત્રનાં પુત્રને રમાડતા રમાડતા એક કુટુંબનો વ્યકિત થઈ જાય છે, મુબારક રાજને નીશીની મોહજાળ થી છોડાવવા જાય છે તો નીશી ૫૦ હજાર જે આજનાં ૫૦ લાખ જેટલા થાય ની માંગણી કરે છે, પુત્ર પ્રેમમાં મુબારક અને લીલા તે રકમ દેવા તૈયાર થાય છે, પણ નાસિર તેને તેમ કરતાં રોકે છે, અને કહે છે કે રાજને નીશીથી નફરત થશે તોજ તે આ બંધનોથી મુકત થશે નાસિર અને માલા એક નાટક કરે છે, માલા એક પ્રિન્સનો દેખાવ કરે છે, નીશીને જાળમાં ફસાવે છે,

નીશી જે દોલતની પ્યાસી છે, રાજને છોડી પ્રિન્સનાં પ્રેમમાં જતી જોવા મળે છે, જેમ નાસિર સાથે થયેલ તેમ રાજ પણ પ્રિન્સ અને નીશીને ખત્મ કરવા તૈયાર થાય છે, પણ નાસિર નીશીની હત્યા કરી પોતાનો જીવ પણ




આપી દે છે, પણ જતાં જતાં તેની ઓળ ખ રાજ અને મુબારકને આપે છે, મુબારકને તેના પિતા આજે પૂજનીય લાગે છે. ફિલ્મનાં ગીતો વધુ લોકપ્રિય થયા ના હતા.

ચાર દિલ ચાર રાહે–ખ્વાઝા અહમેદ અબ્બાસના નિર્દેશન અને નિર્માણમાં ચાર દિલ ચાર રાહે નવલકથા પર આધારિત આ ફિલ્મના ગીતો સાહિર લૂધ્રયાનવીએ લખ્યા હતા, અને અનિલ વિશ્વાસનાં સંગીત સાથે, રાજ કપૂર, મીના કુમારી, શમ્મી કપૂર, કુમકુમ, અજિત, નિમમી, ડેવિડ, અનવર હુસેન, નાના પલસીકર, પી. જયરાજ રસીદ ખાનથી અભિનીત આ ફિલ્મ ત્રણ પ્રેમી યુગલ પર આધારિત છે.

રાજ એક અછૂત યુવતી મીનાને ચાહે છે, પણ સમાજ એક થવા દેતો નથી, મીના રાજથી વિખૂટી પડી જાય છે, પ્રેમમાં પાગલ રાજ એક ચાર રસ્તા પર મીનાની પાયલ મળતા ત્યાંજ રોકાઈ જાય છે, કારણ કે પાયલ જે રસ્તા તરફ જાય છે ત્યાં એક પર્વત છે, અને મીના એક દિવસ ત્યાં જરૂર આવશે તે રાહે રાજ ત્યાં રોકાઈ જાય છે. અજિત નવાબ અનવરનો ડ્રાઈવર છે, નવાબ એક નાચનારી નિમમીનાં પ્રેમમાં છે,

આઝાદી મળતા નવાબી શાસન પૂરું થાય છે, નવાબ નિમમીને સાથે લઈ જવા માંગે છે, પણ નિમમી નવાબના ડ્રાઈવર અજિતને ચાહે છે, અજિત તેની સાથે લગ્ન કરવા માંગે છે, બન્ને ભાગી જાય છે, પણ નિમમી તેની માતાને સાથે રાખવાની જીદ પકડે છે, અને બન્ને અલગ થઈ જાય છે, અજિત નિમમીની શોધમાં છે. શમ્મી એક અનાથ યુવકને ડેવિડ તેને ત્યાં કામે રાખે છે, ત્યાં કુમકુમ સાથે તેને પ્રેમ થાય છે, પણ ડેવિડ એક આરોપમાં શમ્મીને જેલ મોકલી કુમકુમ સાથે લગ્ન કરી લે છે, શમ્મી પાગલ જેવો થઈ જાય છે, તેના ગેરેજમાં ગેર કાનૂની શરાબ વેચતો હોય છે. અને કુમકુમની યાદમાં તડપતો હોય છે.

મીના એક ખાણમાં કામ કરે છે, તેનો મુનિમ તેના પર બૂરી નજર કરે છે, પણ મીના તેને ઘાયલ કરી છૂટી જાય છે, ખાણનો મેનેજર જયરાજ જે મીનાને મનોમન ચાહે છે, મીનાને મુનિમ વિરૂદ્ધ જવા કલાહે છે જેથી બીજી યુવતીઓ હેરાન ના થાય , જયરાજ તે પર્વત દૂર કરી રસ્તો બનાવવા માંગે છે, તેમાં અજિતના ટ્રક માં મુસાફરી કરતાં, કુમકુમ બેભાન હાલત માં મળે છે,

તેને ઠંડીના લીધે બ્રાંડીની જરૂર છે, તેઓ શમ્મી પાસે આવે છે,, શમ્મી બ્રાંડી આપવાની ના કહેતો હોય છે, પણ કુમકુમને જોતાં જ બન્ને પ્રેમી એક થાય છે, તેજ રીતે અજિતને નિમમી મળી જાય છે, અને પર્વત દૂર થતાં રાજ અને મીના પણ એક થઈ જાય છે , પણ આ ત્રણે પ્રેમી આને મેળ વવામાં મદદરૂપ થનાર જયરાજ માર્યો જાય છે. છૂત અછૂત , અમીર–ગરીબ અને સામાજિક રીતે પછાત વેશ્યાના જીવન પર આધારિત અને તેમને સમાજમાં યોગ્ય સ્થાન મળે તેવા સંદેશની ફિલ્મની વાર્તા દર્શકોને સમજાઈ નહીં અને ફિલ્મ સફળ રહી ના હતી. આગામી અંકમાં રાજ કપૂરની સફળ અને સુપર હિટ ફિલ્મો સાથે મળીશું. આભાર.

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૩૮


## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY) ભાગ-૧


આજથી લગભગ ૨ વર્ષ પહેલા અંજલી(દર્દીનું નામ બદલાવેલ છે) કરીને ૨૧ વર્ષની છોકરીને લઈ તેના મમ્મી–પપ્પા મારી પાસે દવા લેવા આવ્યા હતા. અંજલીના મમ્મી–પપ્પાની ફરીયાદ હતી કે અંજલીનો સ્વભાવ ચીડચીડીયો થઈ ગયો છે, વાત–વાતમાં ગુસ્સે થઈ જાય છે, કોઈપણ કામ મન દઈને કરતી નથી, કોઈની સાથે બોલવું, કોઈ સાથે બહાર જાવું કાઈ ગમતુ નથી.

મે અંજલીને ધ્યાનપુર્વક જોઈ અંજલીનું મોઢું એકદમ ડીપ્રેશ ફેસ હોય તેવું જણાતું હતુ, સાવ નિસ્તેજ ચહેરો, આંખ નીચે કાળા કુંડાળા દેખાતા હતા, વાળ સાવ પાંખાને સફેદ હતા, શરીરમાં જાણે કોઈ ચેતન–ઉર્જા હોય જ નહી તેવું જણાતું હતુ. મે અંજલી ના મમ્મી–પપ્પાને પુછયુ કે અંજલી બરાબર જમતી–સુતી નથી ?


તેમણે જે વાત કરી તેનાથી દરેક મા–બાપ અને દીકરીઓ એ જાગ્રુત થવાની જરૂર છે.

અંજલીના મમ્મી–પપ્પાના જણાવ્યાનુસાર અંજલી ભણવામા ખુબ હોશીયાર હતી, ખુબ હસમુખી, કામમાં ચપળ અને મળ તાવડા સ્વભાવ વાળી હતી, બારમાં ધોરણ માં ખુબ સારા માર્કસ સાથે પાસ થઈ હતી અને ગ્રેજયુએટ થઈ જીપીએસસી પાસ કરી અધીકારી બનવાની તેની ઈચ્છા હતી. પણ કોલેજમાં એડમીશન લીધા પછી બધી તકલીફ શરૂ થઈ. કોલેજમાં એડમીશન લીધા ના થોડા સમય બાદ ઘરે જમવાનું પ્રમાણ ધીમે–ધીમે ઓછું કરી નાખ્યુ, શરૂઆતમાં અમને એમ હતું કે કોલેજમાં બધી બહેનપણી સાથે નાસ્તા કરતી હશે એટલે ઘરે ઓછું જમે છે, પણ શરીર સાવ નિસ્તેજ લાગવા માંડયુ એટલે અમને ચિંતા થઈ કે અંજલી કોઈ મુંજવણમાં છે ? અમે તેની બધી બહેનપણી ને મળી વાત કરી કે અંજલીને કોલેજમાં કાઈ મુશ્કેલ નથી ને ? બધા એ કહ્યુ ના અંજલીને કોલેજમાં કોઈ મુંજવણ નથી. પછી અમે અંજલીને નીરાંતે બેસાડી પુછયુ કે તુ



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**



કેમ જમતી નથી ? તને કોઈ તકલીફ/મુંજવણ છે ? એટલે અંજલીએ કહ્યુ ના મને કોઈ વાંધો નથી પણ અમે બધી બહેનપણીઓ વજન ઘટાડવા માટે એક ઓનલાઈન પ્રોગ્રામ ફોલો કરીએ છીએ એટલે હું જમતી નથી. અમે કહ્યુ પણ તારે કયા વજન ઘટાડવાની જરૂર છે, તારૂ શરીર તો સપ્રમાણ જ છે. તો અંજલી કહે અમે બધા જીરો ફીગર કરવા માંગીએ છીએ એટલે આ ડાયેટ પ્રોગ્રામ ચાલુ કર્યો છે, આ રીતે ધીમે–ધીમે તેને જમવાં ઉપરથી સાવ રૂચી ઉડી ગઈ, આખો દિવસ ભુખી રહેવા લાગી, ધીરે–ધીરે ચીડચીડીયો સ્વભાવ થવા લાગ્યો અને પરાણે કાંઈ ખવડાવીએ તો તરત ઉલ્ટી થઈ જાય. સાહેબ હવે અમે બહુ મુંજાણા છીએ તમે કાંઈક કરો !

આ કેસની ચર્ચા એટલે કરી કે આજકાલ લોકો સોશીયલ મીડીયાને ગુરૂ બનાવી જાતજાતના અખતરા પોતાની ઉપર કરવા લાગ્યા છે પરીણામે કયારેક તેના ખુબ ગંભીર પરીણામ ભોગવવા પડતા હોય છે.

આ જીરો ફીગરની લાયમાં એવા કેટલા બધા લોકો, મોટાભાગે બહેનો અમારી પાસે આવે છે જે કોઈ સમજણ વગર, નિષ્ણાંતની સલાહ વગર આવા ડાયેટ પ્રોગ્રામ ફોલો કરતા હોય છે, જેના પરીણામે વજન ઓછું થવાનુ તો એકબાજુ, શરીરમાં બીજી બધી તકલીફો શરૂ થઈ જાય છે.

મેદસ્વિતા – જાડાપણું એ કામમાં ન આવે તેવી જ કમાણી છે. પણ એને ઓછી કરવા માટે નિષ્ણાંતનો અભીપ્રાય લઈ તમારી ઉંમર, તમારા શરીરની દૈનીક કેલરીની જરૂરીયાત, હાલની ૠતુ આ બધી બાબતોનો જીણવટભર્યો અને વ્યવસ્થીત અભ્યાસ કર્યા બાદ જ ડાયેટ પ્રોગ્રામ બનાવવાનો હોય છે, બીજું એક વ્યકિતને જે ડાયેટથી ફાયદો થાય એનાથી બીજાને ફાયદો થાય એવું જરૂરી નથી કારણ દરેક વ્યકિતની પ્રકુતિ અલગ–અલગ હોય છે એટલે જયારે પણ વજન ઘટાડવાની સારવાર શરૂ કરો ત્યારે ફકત સોશીયલ મીડીયામાં આવતા ડાયેટ પ્રોગ્રામને ફોલો ન કરો પણ નિષ્ણાંતની સલાહ મુજબ જ વર્તો.

મારૂ વજન કેટલું હોવુ જોઈએ ? હું તો કાઈ ખાતો/ખાતી નથી તો પણ વજન વધે છે ? ડાયેટ–દવા બંધ કરીએ એટલે પાછું વજન વધી જાય છે ? વજન ઘટાડવા કેવો ખોરાક લેવો જોઈએ ? કેવી કસરત કરવી જોઈએ ? આ વધારાના વજનથી મને શું નુકશાન થઈ શકે ? આવા બધા જવાબો અને લોકોના મનમાં પ્રવર્તતી વજનને લઈને ગેરસમજણને આ લેખમાળામાં દુર કરવાનો પ્રયત્ન કરીશુ સાથે વૈજ્ઞાનિક રીતે કેવી રીતે વજન ઘટાડી શકાય તેની ચર્ચા કરીશું.

**વજન ઘટાડવાની દવા શરૂ કરતા પહેલા નીચે મુજબ ની જાણકારી પહેલા મેળવી લો :–**

(૧) મારૂ વજન ખરેખર આદર્શ વજન થી વધારે છે ?

(૨) તમારે ખરેખર વજન ઘટાડવાની જરૂર છે એટલે વજન ઘટાડો છો કે ફકત જીરો ફીગર (વાસ્તવમાં જીરો ફીગરથી કોઈ સુંદર દેખાતુ નથી) દેખાવું છે એટલે અખતરા કરો છો ?

(૩) મારા વધારાના વજનનૂં કારણ ચરબી છે કે પાણી કે અન્ય કોઈ કારણ ?

(૪) હું જે ડોકટર/વૈદ્ય પાસે સારવાર માટે જાવ છું તે ખરેખર ડીગ્રી વાળા છે ?

(૫) વજન ઘટાડવા જે દવા આપે છે તે સાવ આડઅસર વગરની અને કેમીકલ વગરની છે કે નહી ?

**<u>મર્મ બિંદુ</u> :** વધુ વજન ધરાવતા મોટાભાગે એવું માનતા હોય છે કે હું તો કાંઈ ખાતો/ખાતી નથી તો પણ મારૂં વજન વધે છે, મિત્રો એક વાત બરાબર યાદ રાખો તમારા બચત ખાતામાં બેલેન્સ તમે જમા કરાવો તો જ વધે, બાજુવાળા તમારા ખાતામાં પૈસા નાખી નો જાય.

# રોજ જન્મે છે રમેશ....!!

**'શૂન્ય ભાષાથી શરૂઆત કરૂ છું, જુઓ, ફકત લોહીની રજુઆત કરૂં છું, જુઓ''**

તા.૨૭/૧૧/૧૯૪૦ ના રોજ અમરેલી મુકામે માતા–પિતા નર્મદાબેન અને મોહનભાઈના ઘરે અવતરીને છાંસઠ વર્ષની જીવનયાત્રામાં આપણને સૌને પોતાની કલમનાં માધ્યમથી અડસઠ તીર્થની યાત્રા કરાવનાર, પરમતત્વ તરફ પ્રયાણ કરતાં પહેલા જ માત્ર ભગવાનનો જ નહી... પણ દરેક ભાવકનો ભાગ પણ સૌને સુપરત કરી જનાર, જાજરમાન કવિ રમેશ પારેખનાં પ્રાગટય દિવસે તેમનાં સ્મરણમાત્રથી સૌ ધન્યતા અનુભવે છે ! માળું એમનામાં કંઈક જાદૂતા તો ખરી જ હો !!

વર્ષો પછી પણ આ કવિની જાદૂઈ અસર સ્હેજ પણ ઓસરતી નથી, ઓગળતી નથી. સમયની સાથે ગુજરાતી ભાષાના ચાહકો સદાય તેના મોહપાશમાં જકડાયેલા, વણાયેલા અને ગૂંથાયેલાં જ રહે છે... રહેશે !

આવા સૌનાં હૈયાંવગા, સ્મરણ રસમધુરા, વ્હાલા કવિ રમેશ પારેખને તેમનાં અવતરણ દિવસની લાખ લાખ વધાયું.... વંદન.

જેમને હવે કોઈપણ ઓળ ખાણ, વખાણ કે વિશેષણની કશી જ જરૂર નથી. જેમનાં નામ સ્મરણ માત્રથી ભાવકોનાં મન મંદિરમાં નિત્યનૂતન તરંગોનો સંચાર થવા લાગે છે.

એવા આ સમર્થ કવિ વિશે સળંગ આ નવમો આર્ટીકલ લખતી વખતે ધન્યતાની અનુભૂતિ સાથે તેમનાં આશીર્વાદ અને ઈશ્વરની કૃપાદ્રષ્ટિ સમજુ છું. પ્રસાદ સ્વરૂપે તેમની જ ઉત્કૃષ્ટ રચના... ''શું છે ?'' માણીએ :

'' આ આંખ ધુળ છાંયડા



અજવાસ વગેરે,
શું છે ધબકતી નાડીઓને
શ્વાસ વગેરે,
પટપોટા શું છે, શું છે આ
ભરતી વમળને ધોધ,
જળ શું છે, શું છે આંખની

## રમેશ પારેખ જન્મદિવસ વિશેષ

ભીનાશ વગેરે,
શું છે આ ભીડ, શું છે
સમુહ, શું છે આ કતાર,
શું છે આ દોટ, શું છે આ
વિશ્વાસ વગેરે,
શું છે પીડા અને આ
પીડાનો શો અર્થ છે,
શું છે આ નામ, શું છે આ
સહવાસ વગેરે,
શું છે નજરનું થાકી જવું,
શું છે ઉડ્ડયન,
શું છે આ ખાલી સાંજને
આકાશ વગેરે,
શું છે રમેશ, શું છે આ
ચશ્મા, શું છે આ ક્ષણ,
ઘર શું છે અને શું છે આ
અહેસાસ વગેરે.''

એક જ રચનામાં આટલા સવાલો, એક સાથે જ પુછીને જીવનની મહતમ ફિલસૂફી તરફ ધ્યાન દોરનાર આ નખશિખ સર્જક એવા.. ર.પા.શું છે ? કે તેની કક્ષા શું છે ? તે તમામ જવાબો આપોઆપ જ મળી જાય છે. કુદરતે સર્જેલું નર્યુ આશ્ચર્ય !!

રમેશ પારેખનાં જ સમકાલીન કવિ મિત્ર આદરણીય મનોહર ત્રિવેદીજીનાં સ્વમૂખેથી જ સાંભળેલો તેમનો એક સંસ્મરણ પ્રસંગ લખું તો, મનોહરભાઈ કહે છે કે : ''એક દિવસ કવિ તરીકેનાં શરૂઆતનાં દોરમાં હું અને રમેશ બન્ને એક કોલેજનાં મહેમાન થયેલા.

ત્યારે તત્કાલિન (ઈન્ચાર્જ) પ્રિન્સીપાલ સાહેબે અમારી હાજરીને ધ્યાનમાં લઈ તુરંત છેલ્લા બે તાસમાં ''કાવ્ય ગોષ્ઠિ'' નું શીઘ્ર આયોજન ગોઠવ્યું.

અમે બંને કવિઓ 'ફ્રેશ' થવા લોબીમાંથી પસાર થતાં હતાં. ત્યારે બે વિદ્યાર્થીનીઓ વચ્ચે થતો વાર્તાલાપ અમારે કાને પડયો.

એક કહયું કે, ''કોઈ બે કવા આવ્યા છે એન છેલ્લા બે તાસમાં કવિતા કહેવાનાં છે. એટલે આજે વહેલી રજા પડી છે.''

મેં રમેશને કહયું, 'લે ભાઈ ! હવે આ લોકોની સામે આપણે કવિતા બોલવાની છે. પણ પછી અમે અનુભવ્યું કે એ જ દીકરીઓ અમારી એ ગોષ્ઠિમાં આવી, બેસીને ખુબ રસપૂર્વક અમારી કવિતાઓ, રચનાઓ તેણે માણી પણ ખરી, અને બિરદાવી પણ ખરી.''


ત્યારે રમેશે મને જવાબ આપતાં ખુમારીથી કહયું કે, 'મનોહર ! આ તો રમેશની કવિતા છે... અજાણ્યાએ પણ તેને સાંભળવી, સ્વીકારવી અને વધારવવી જ પડે...!!''

બસ કાયમ આ જ ખુમારી, ગર્વ અને ગૌરવ જાળવીને જેણે ગુજરાતી ભાષામાં ઉચ્ચતમ ખેડાણ કરેલ છે એવા અમરેલી નગરમાં જન્મ લઈ કવિ તરીકેનો પોતાનો કર્મયોગ સિધ્ધ કરનાર, સંવેદનોની દોમ દોમ સાહ્યબીની વિરાસત છોડી જનાર, કવિતા જગતનું હરતું–ફરતું રજવાડું એવા અજર–અમર કવિનાં જન્મ દિને આજે તો પરમકૃપાળુ પરમાત્માએ પણ સ્વર્ગમાં સાહિત્યની વિશેષ બેઠક બોલાવી હશે, ત્યારે સૌ કોઈ વતી રોમેરોમથી ભાવવિભોર થઈ રાજીપો – પ્રસન્નતા વ્યકત કરૂ છું.

**સમાપન પણ રમેશ પારેખની પંકિતઓથી જ કરૂં તો....**

**''અક્ષારો પાડું,**
**ઘકેલું, ચીતરૂ, ઘુંટુ, ભૂંસું,**
**હું રમું કાગળની**
**વચ્ચે તમને મળવાની રમત.''**

**Happy Birthday....** ર.પા.




યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૫૪ - અમરેલી

# રામહિ દેખિ રજાયસુ પાઈ, નિજ નિજ ભવન ચલે શિર માઈ :

બોલતા પણ સાંભળ્યા છે. દરેક વ્યકિતને મંત્રદીક્ષા આપતા પણ નહીં. પાત્રતા જોઈને કોઈને તરત, કોઈને થોડા કસીને, તો ઘણાંને સ્પષ્ટ ના કહી દેતા કદાચ, કોઈ વખત કોઈ એવા પાત્રને કંઠી આપતાં તો બોલતાં કે,

તુલસીકી કંઠી કંઠ બિરાજે, મસ્તક સોહે હીરા
બનાદાસકી દશા દેખકર, રોવે દાસ કબીરા.

મોટા ભાગે મંત્ર આપતી વખતે અમુક પ્રતિજ્ઞાઓ લેવરાવતા દરેક જાતની માદક વસ્તુઓનો ત્યાગ, પરસ્ત્રી માતા સમાન ચોરી વિગેરે કુકર્મો ન કરવા, મંત્રજાપ કરવો, તેમજ વર્ષમાં ચાર ઉપવાસ કરવા કહેતા. શ્રી રામનવમી, જન્માષ્ટમી, મહાશિવરાત્રી, કોઈપણ એક એકા દશી, આ સિવાય વધારે ઓછા નિયમ સામે આવેલ પાત્રતા સંસ્કાર પ્રમાણે આપતા. કોઈવાર કોઈ શિષ્યને એમ પણ કહેતા, 'દેખો અબ ગલેમે કંઠી પહન લી તો બરાબર નિયમોંકા પાલન કરના તુમ જબ મેરે પાસ આઓગે તો તુમારી કંઠીકા એક એક મણી મેરેસે બાત કરેગા." કોઈવાર એમ પણ બોલતા, "દેખો ભાઈ કંઠી લે લેના સરલ હૈ, કંઠી બાંધકર શિષ્ય બન જાના ભી સરલ હૈ પર તુમ્હે માલૂમ હૈ મેરી કિતની જવાબદારી બઢ જાતી હૈ. જૈસે પુલિસકા બિલ્લા રહતા હૈ વૈસે યહ ભગવાનકો બિલા હૈ. કંઠી બાંધકર તુમ ભગવાન કે હો જાતે હો તો તુમારી જવાબદારી હૈ કિ તુમ કોઈ અયોગ્ય કર્મ ન કરો. અંત સમયમે યમદૂત લેને આતે હૈ તો ગલેમેં કંઠી દેખકર તુમ્હે ભગવાનકે સમજકર ભાગ જાતે હૈ.

તુમ્હે માલૂમ હૈ અપને યહાં જબ કોઈ ભી ચીજ કા ભગવાનકો ભોગ લગાયા જાતા હૈ યા ભગવાનકો કોઈ ચીજ અર્પણ કી જાતી હૈ. તબ ઉસમે તુલસી દલ છોડા જાતા હૈ. જભી ભગવાન ઉસકા સ્વીકાર કરતે હૈ. ઈસી પ્રકાર જિસકે ગલેમે તુલસીજીકી કંઠી પડ ગઈ વહ ભગવાનકો અર્પણ હો ગયા.। યહી કંઠીકા હેતું હૈ ફિર ઉસ જીવકા અપનાપન રહા હી કહાં ?"

આ વિષય પરથી પપરેંદામાં ઘટેલી ઘટના યાદ આવે છે. શ્રી હનુમાનસિંહજી નામનાં ત્યાંના રહેવાસીભાઈ ખુબ સાંત્વિક તથા ભકત

રામ પ્રતોષી માતુ સબ,
કહિ વિનીત વર ચૈન ।

હૃદયનાં છે. તેમણે જયારે ભગવાન પાસે મંત્રદીક્ષાની માંગણી ફરી ત્યારે ભગવાન જાણે તેમની કસોટી કરતાં હોય અથવા નિષ્ઠાની પરિપકવતા જોતા હોય તે રીતે ત્રણ દિવસનાં પાડલી. તેઓ પણ નિષ્ઠામાં અડગ હતા. નિયમ પ્રમાણે મંત્રદીક્ષા લેવાનાં દિવસે ઉપવાસ કરવાનો હોય છે. તેઓને ત્રણ દિવસનાં ઉપવાસ થયા. અંતે ભગવાને કૃપા કરી મંત્રદીક્ષા આપી. "ગુરૂદક્ષિણામેં કિતની માલા દોગે ?" તેમ પુછતાં નિર્ભીકપણે તેમણે જવાબ આપ્યો. "એક ભી નહીં." હસતા હસતાં ભગવાને કહયું "કયો ફિર મંત્ર કયો લિયા ?" જવાબમાં જણાવ્યું, 'બિના માલા ફેરે પાર હોનેકે લિયે. ઈસીલિયે તો તીન દિન ભૂખે રહકર આપસે હી નામ લિયા હૈ. વરનાં નામ સુનાનેવાલે

નથી આપી, કારણ કોઈને જાહેરમાં યજ્ઞ કરીને તો કોઈને કોઈ રીતે દીક્ષા આપતા હશે એ તો ભગવાન જ જાણે. પરંતુ જયારે ભગવાન પાસે કોઈ આ

પૈરમેં નહીં.''

ભગવાનનાં હજારો ભકતો તથા શિષ્યવૃંદમાં અનેક રીતે ભગવાન સૌને તૈયાર કરતા. કારણ જીવમાત્રનાં

સાધુ કમ મિલતે હૈ કયાં ? જો કે એ ભાઈ પોતે નામ જપનાં પ્રેમી છે ભકત છે, પરંતુ ભગવાન પ્રત્યે આવી

## અહૈતુક કૃપા

જન્મોજન્મનાં સંસ્કાર પોતે જાણતા હોય છે. તેથી ગતજન્મમાં કોનો અભ્યાસ




## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

અદભૂત તેમની નિષ્ઠા છે.

ભગવાનના આવા નિષ્ઠાવાન ભકતો પણ છે. મેં સ્વમુખે ભગવાનને બોલતા સાંભળ્યા છે, "કોઈ કોઈ મેરે ઐસે ભકત હૈ જો કિ એકબાર મંત્ર લેકર ચલે ગયે ફિર દિખતે ભી નહીં હૈ ઔર ખુબ ભજન કરતે હૈ."


સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

સમય પર આમ જુદી જુદી રીતે ભગવાન જુદી જુદી પદ્ધતિથી મંત્રદીક્ષા કોઈને આપે ત્યારે ઘણાંને પ્રશ્ન ઉઠે કે અમને તો આવી રીતે દીક્ષા

કયાંથી અધૂરો છે અથવા કોને બાલમંદિરથી ચાલુ કરાવવાનું છે. એ સ્વયં જાણતા હોય છે. જીવને પોતાની દ્રષ્ટિએ મતભેદ જણાય છે પરંતુ ભગવાનની જીવમાત્ર પર અહૈતુક કૃપા છે જ. તેઓ ભાવમાં મતભેદ શી રીતે કરી શકે ? વ્યવહારમાં જરૂર એવું દેખાય છે. ઘણાં શિષ્યોમાં કોઈને સેવા, કોઈને

રીતે તુલનાત્મક પ્રશ્ન કરતાં ત્યારે પ્રત્યુત્તરમાં કહેતા,

''દેખો ભાઈ, પાત્ર સામને આને પર ઉસકી પાત્રતા અનુસાર દીક્ષા, દી જાતી હૈ. મુર્ગી કે પૈર કા તાલા હાથી કે પેરમેં નહી લગ સકતા ઔર હાથી કે પૈર કા મુર્ગી કે

**રામ સપ્રેમ સંગ સબ ભાઈ,**
**આયસુ પાય ફિરે પહુંચાઈ**

ધ્યાન, તો કોઈને યોગની ક્રિયાઓ તો કોઈને માત્ર ભકિત કરવા કહેતા પ્રભુ પ્રાપ્તિનાં ત્રણ માર્ગ તો શાસ્ત્રોમાં બતાવેલા છે, જ્ઞાન, ભકિત અને કર્મ. પરંતુ મારા જેવી નિર્બળ માટે તો ગોસ્વામીજી શ્રી તુલસીદાસજી મહારાજજીએ બતાવેલ ચોથો માર્ગ દીનતા, શરણાગતિ કે કેવળ રામનામનો જ છે.

તુલસી ત્રિપદ વિહાય કે
રામદુઆરે દીન.

ભગવાનનાં અનેક પ્રસંગોપાત્ સાંભળેલા પ્રવચનોમાંથી રામનામ વિષે કે પ્રેમ ભકિત વિષે મારી રૂચિ રહી છે. જો કે મને અંગત રીતે પણ કહેતા રહ્યાં છે. મોટા ભાગનાં મારા પરના દરેક પત્રોમાં ''ભજન ખૂબ કરના'' એ જ ઈશારો મુખ્ય છે. આને અનુલક્ષીને ભગવાનનાં સ્વમુખે બોલાયેલા સ્વરચિત દોહા, પદ મને વધુ પ્રિય છે.

રામનામ જપતે રહો,
ભૂખે કો કુછ દો,
ઈતનેસે સુખ ના મિલે, તો
બનાદાસ સે લો.
સબ યોગનકો યોગ હૈ,
સબ વેદનકો સાર,
બના રામકો નામ હૈ,
સબકો પ્રાણ આધાર.
સભી રસાયની હમ કરી,
નહીં નામ સન કોઈ,
કિંચિત્ ઘટમેં સંચરે, તો
સબ તન કંચન કોઈ,
રામનામકી ઔષધિ ખરી
રીત સે ખાય.
અંગ પીડા વ્યાપે નહીં
મહારોગ મીટ જાય.
રામનામ જપતે રહો, જબ
લગ ઘટમેં પ્રાણ,
કબહુંક દીનદયાલુકો,
ભનક પડેગી કાન.
પુરાનકો પાર નાંહી,
વેદનકો અંત નાહી
વાણી અપાર કહો, કહાં
ચિત્ત દીજિયે
લાખનકી એક કહું,
કરોડકી એક કહું.
સબહીકો સાર એક, રામ
નામ લીજિયે.

મને અંગત રીતે પણ કહેતા.

રમા, રહો કોઈ સે ભી
ગામ, કરો કોઈ સા ભી કામ
પર ભજો આઠો યામ, શ્રી
રામ રામ રામ.
રામરૂપ ભૂપતિ ભગતિ, વ્યાહ ઉછાહ
અનંદ
સત્યકી રાહ બતાઈ
ગુરૂજીને સત્યકી રાહ
બતાઈ
પ્રભુ કે નામસે નેહા લગાઈ
સદ્ગુરૂજીને સત્ય કી રાહ
બતાઈ.
જો ભજે હરિકો સદા, વોહી પરમ પદ
પાયેગા. જો ભજે હરિકો સદા...

ભગવાન હંમેશા કહેતા, ' 'કૈસે ભી નામ જપો ખેતમેં ઉલ્ટા સીધા કૈસે ભી બીજ ડાલો જરૂર અંકુરિત હોતા હૈ. એક બાર સૌરાષ્ટ્રમેં મૈં એક ગાંવસે દૂસરે ગાંવ જા રહા થા. રાસ્તેમેં એક વાડીમેં એક પટેલ ખટીયા પર બૈઠકર માલા ફેર રહે થે મૈને કહા, '' ઐસે કહીં માલા ફેરી જાતી હૈ.'' ઉસને કહા બાપુ, 'તમે કેમ ફેરવો છો?' મૈંને કહા, ''મૈં તો માલા ફેરતા હી નહીં હૂં.'' તો કહા, ''બાપુ, તમારા કરતા હું સારો છું. ગમે તેમ માળા કરું તો છું.'' ''તો ભાઈ, કૈસે ભી કિસી ભી હાલતમેં માલા ફેરો. કિસીને કહા હૈ,

માલા ફેરત યુગ ગયા,
ગયા ન મનકા ફેર
કરકા મનકા છોડકર,
મનકા મનકા ફેર.

પરંતુ

માલા મનસે લર પરી,
તું કયો બિસરે મોહિં
બિના શસ્ત્રકો શૂરવીર,
લરત ન દેખો કોઈ.
ભાવ કુભાવ અનખ
આલસહૂં, નામ જપત મંગલ
દિશિ દસહૂં.

આ ઉપરાંત ભગવાનનું સ્વરચિત પદ મને અતિપ્રિય છે. તેને આચરણમાં મૂકવું પ્રભુકૃપા વિના મુશ્કેલ જરૂર છે છતાં પ્રયત્ન કરું છું. તેમની પરમકૃપાથી કયારેક તેમાં પણ સફળતા મળી રહેશે.

પ્રભુ નહીં મૈ શુભ ગતિ
ઈચ્છુક,
નહીં મોક્ષ કી મુઝકો
સાધ.
નહીં સિદ્ધિ
અણિમાદિક ચહતા,
નહીં સ્વર્ગમેં હૈ
વિશ્વાસ.
યહી અભિલાષા પ્રાણી
માત્ર કે,
જીવનમેં હો સુખ
આભાસ.

---

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**સતત આનંદ અને ખુશખુશાલ રહેવાનાં ઉપદેશથી કશું જ સમારાત્મક બને છે? સતત ગુસ્સાવાળા સ્વભાવ અને વાંક કાઢવાની વૃતિથી કશુંક બને છે ?**

આના ઉત્તર માટે એક નાનકડાં દષ્ટાંતથી શરુ કરીએ. એક વેપારી હતો. પૈસાદાર અને મોટા કુંટુંબ વાળો પરંતુ આ વેપારી ના અંત્યત ગુસ્સાવાળા સ્વભાવથી નોકર–ચાકર –કુટુંબીજનો નારાજ રહેતા હતા. સવારથી શરૂ કરીને સાંજ સુધી બધા ઉપર ગુસ્સાથી અપમાન કરતા હતા. ગામમાં એક સંતના પ્રવચનો ચાલતા હતા. મોટો દીકરો આ પ્રવચન સાભંળવા જતો હતો. એક દિવસ પ્રવચનના અંતે સંત પાસે જઈને તેના પિતાજી ના ક્રોધી સ્વભાવની વાત કરી. કુંટુંબ ના સભ્યો તંગ આવી ગયા છે. સંતે કહયું. પ્રવચનમાં મોકલો. પુત્રે કહયું. બાપુજી એ પ્રવચનમાં નહિ આવે. મેં ધણી વાર કહયું છે. સંતે એક યુકિત બતાવી. તમે તમારા પિતાશ્રીને કહો કે આ સંત માત્ર કથા કહેંતા. ભવિષ્ય જાણે છે. ચમત્કાર જાણે છે. હાથ જોઈ સફળતા– મૃત્યું વગેરે કહે છે. પરંતુ જા તમે એક વખત પ્રવચનમાં બેસો તેને જ આ બધું કહે છે.

દીકરાએ ઘરે જઈ આ ચમત્કારી સંતની વાત કહી. શેઠ ને પોતાના ભવિષ્ય જાણવાની ઈચ્છા હતી. પ્રવચનમાં ગયા અને પછી સંતની પાસે જઈ હાથ જોઈ આપવા કહયું. સંતે હાથની રેખા જોઈ અને ચહેરાનાં ભાવ બદલાવી કહયું.? અરે શેઠ તમારું બે મહિના પછી હાર્ટએટેકથી મૃત્યું થવાનું છે. શેઠ ગભરાય ગયાં કહયું હા... કોઈ ઉપાય ..?સતં કહે હું જપ કરીશ.. પણ આ જાપ કેટલા સફળ થાય? તમારે પંદર દિવસે એક વખત ફરી મળવા આવો અને ફરી દયાનમાં બેસી જવાબ આપીશ....?

શેઠને સંતના શબ્દોની ખૂબ અસર થઈ. જીવવાનાં માત્ર બે મહિના...? રાત્ર`ઉંઘ આવી નહિ... સતત વિચારતા રહયાં..! હવે કેવું જીવન...! આ ધન.. વાડી બસ...!જીવનનું સત્ય સમજાયું.. કોઈને વાત કરવાની સંતે ના પાડી હતી. પરંતુ સવારથી શેઠની દિનચર્ચા બદલાઈ ગઈ.. અવાજ




ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


બદલાય ગયો.! સવારમાં ઉઠતાં જ પત્નીને હુકમ કરતા. તેને બદલે નરમાશ આવી. દુકાને જતાં રસ્તામાં જે મળ્યાં તેને શ્રીકૃષ્ણ કહયાં, દુકાનમાં કોઈ મોડું આવ્યું. કામ ન થયું તો કશું જ બોલ્યાં નહિ. પુત્રો સાથે શાંતિથી વાત કરી. જમતી વખતે કશીજ ટકટક નહીં.. બસ હવે તો માત્ર બે મહિના. સૌને નવાઈ લાગી કે વડીલ સાવ બદલાય ગયાં છે. ગુસ્સે થતાં જ નથી. ધરનું વાતાવરણ બદલાય ગયું. પુત્ર સંત પાસે ગયો અને કહયું.. શેઠની પ્રકૃતિમાં જબ્બર બદલાવ આવ્યો છે. સંતે કહયું .. મૃત્યું દરવાજો ઉભેલુ જુએ એટલે ગમે તેવો માણસ બદલાય જાય.

દસેક દિવસમાં શેઠે જૂનાં– મિત્રો, સગાં– સ્નેહીઓ સાથે અણબનાવ હતોં. તે જતું કરી. બોલતા થયાં.કોર્ટ કેસમાં સમાધાનની વાત કરી.નાના પૌત્રો જે દાદાથી ડરતા હતાં, તેઓ પણ દાદા પાસે જઈ વાતો કરવા લાગ્યા.

સંતે એક મહિના પછી શેઠને બોલાવ્યાં અને સવારની પાઠ–પૂજા સામે બેસાડયા. ધ્યાનમાં બેઠા. અને કહયું.. શેઠ ધ્યાનમાં મારા જોવામાં આવ્યું છે કે તમારી ઘાત ટળી છે. મે મંત્રજાપ થી તમારી ઘાત દૂર કરી છે. પરંતુ તમે હવે જે એક મહિનાથી જે દાન દક્ષિણા વગેરે કરતા હતા તે ચાલુ રાખજો. સારાં વાના થશે. પુત્રને કહયું સંતે "ભય વિના પ્રિતી નહિ." મૃત્યુનો ડર સ્વભાવ બદલાવી શકે છે.

ઘણા દેશોમાં ભેળસેળ–વગેરે ગુનાઓની ખૂબ આકરી સજાના કારણે કોઈ ગુનો કરતા નથી. ઉઘાડા ઘર મૂકી સૂઈ જાય છે.

આપણે અહીં છટકવાનાં અનેક દરવાજા છે. કોર્ટ ઉપર કોર્ટ અને છેલ્લે સુપ્રિમ કોર્ટ ચુકાદો બદલી શકે છે.હાઈકોર્ટનાં ચુકાદા પણ બદલી જાય છે.આથી ગુનેગારો બેફામ બને છે. આ માટે કોઈ ઉપાય છે.? હા કાયદામાં સુધારો.. બંધારણમાં સુધારા કરી. અનેક કાયદાઓ બદલી શકાય છે. જેમ રોગ મટાડવા સારવારની જરૂર છે.તેમ દરેક યુગે પરિવર્તનશીલ સમય પ્રમાણે ફેરફાર થવા જોઈએ.

સંતો કહે છે મૃત્યું વિશે સત્ય હકીકતો જાણશેં અને જીવનનું રણસ્ય જાણશે તો મૃત્યુનો ડર દૂર કરી શકાશે. જો કે આ બધું દરેક વ્યકિતની સંવેદના ઉપર છે. ક્રૌચ પક્ષીના વધને જોઈ વાલ્મીકી રામાયણ રચી શકે છે. તો કોઈ કોરોનામાં અનેક ને મરતા જોઈ સંવેદના વગરના બની શકે. કોઈ ફેર પડતો નથી.. **(ક્રમશઃ)**

---

# ગુનો બન્યા પછી કરવામાં આવતી તબક્કાવાર પોલીસ કાર્યવાહી

**ફરિયાદ : FIR (First Information Report)**

એફ.આઈ.આર. એટલે શું ? – પ્રથમ બાતમી અહેવાલ એટલે એફ.આઈ.આર. કહેવાય છે.

જેમાં, કોઈ ગુનો બન્યાની પોલીસને રૂબરૂમાં લેખિત કે મૌખિક અથવા ટેલીફોનથી જાણ કરવી તેને ફરિયાદ કે પ્રથમ બાતમી અહેવાલ (એફ.આઈ.આર.) કહેવાય છે.

પ્રથમ : ફરિયાદ નોધાવવા

ગુનો બને એટલે તરતજ નજીકના પોલીસ સ્ટેશને પહોંચીને ફરિયાદ નોંધાવવી જોઈએ.

જે વ્યકિત ઉપર ગુનો કરવામાં આવ્યો હોય તે ફરિયાદ નોંધાવે તો ફરિયાદ વહારે મજબુત બને. જો વ્યકિત સ્થળ ઉપર મૃત્યુ પામેલ હોય અથવા ગંભીર હાલતમાં હોય તો ગુના વખતે એની સાથે હાજર વ્યકિત ફરિયાદ નોંધાવી શકે.

કોઈપણ વ્યકિત ફરીયાદી ના હોય તો પોલીસે ખુદ ફરિયાદી બની શકે. દા.ત. અજાણી વ્યકિતની લાશ સંદિગ્ધ હાલતમાં મળી હોય અને કોઈજ ફરીયાદી ન હોય ત્યારે.

ફરિયાદ ત્રણ રીતે નોંધાવી શકાય.

સીધા નજીકના પોલીસ સ્ટેશનમાં જઈને અથવા જો પોલીસ ફરિયાદ ન લે તો (ડી.એસ.પી.) એટલે કે જીલ્લાના પોલીસ વડાને રજીસ્ટર એ.ડી.થી અથવા સીધી કોર્ટમાં વકીલ મારફતે જેને ખાનગી ફરિયાદ કહેવાય.

ફરિયાદમાં શું લખાવવું ?

ગુનો કરનારનું નામ અને સરનામું જો ખબર ન હોયતો તેની ઓળખના નિશાન. ઓળખના નિશાન એટલે કે દેખાવ કેવો હતો, શરીરનો બાંધો, કપડા કેવા પહેર્યા હતાં વિગેરે.

ગુનાનો ભોગ બનનારને થયેલી શારીરિક ઈજાઓ.

મિલ્કત, ઘરવખરી, અન્ય વસ્તુના નુકશાનની માહિતી.

ગુનામાં વાપરવામાં આવેલ હથિયારો, સાક્ષીઓના નામ, સરનામાં.

યાદ રાખવું :

૦ (ઝીરો) નંબરથી ગમે દેશના કોઈપણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી શકાય છે. તાલુકા મેજીસ્ટ્રેટ (મામલતદાર) ને લેખિત ફરિયાદ આપી શકાય છે, અને તાલુકા મેજીસ્ટ્રેટ આ ફરિયાદમાં "શેરા" સાથે સબંધિત પોલીસ સ્ટેશન અધિકારીને ગુનો દાખલ કરવા મોકલશે. (ગુજરાત સરકાર ગૃહ વિભાગ ઠરાવ ક્રમાંક– પસફ –૨૯૯૮–૨૫૧૧–ડ, સચિવાલય, ગાંધીનગર તા.૨૨.૪.૯૮ મુજબ) એફ.આઈ.આર જાહેર દસ્તાવેજ છે જે કોઈપણ ફી ભરી પોલીસ સ્ટેશન અથવા તો કોર્ટમાંથી તેની નકલ મેળવી શકે.

એકની એક ફરિયાદ બીજી વખત લખવાની પોલીસ ના પાડી શકે.

ફરિયાદ વાંચી કે સાંભળ્યા પછી તેમાં સહી કરવાની.

ફરિયાદની નકલ પૈસા આપ્યા વિના મેળવવાનો ફરિયાદીને અધિકાર છે.

બીજું : ઈજા પામનારને સરકારી દવાખાને લઈ જવા માટે

પોલીસ સ્ટેશન યાદી (લેખિત ચિઠ્ઠી) લઈને સરકારી દવાખાને ઈજા પામનારને લઈ જવો.

સરકારી ડોકટર પાસેથી યોગ્ય ફોર્મ ઉપર સહી સાથે ઈજાનું સર્ટીફીકેટ લેવું.

જો કોઈ સ્ત્રી ઉપર બળાત્કાર થયેલ હોય તો બળાત્કાર સમયે પહેરેલા કપડા સાથે એને દવાખાને લઈ જવી.

બળાત્કારનો ભોગ સ્ત્રીને, જયાં સુધી ફરિયાદ દાખલ ન થાયે અને એની તબીબી તપાસ ન થાયે, ત્યાં સુધી તેને સ્નાન કરવા દેવી નહી. સરકારી ડોકટર પાસે શરીરની તપાસ કરાવવી. યાદ રાખવું કે ડોકટર કોઈ સ્ત્રી હોય અથવા જો કોઈ પુરૂષ હોય તો જયારે તપાસ કરે ત્યારે સ્ત્રી નર્સને પણ હાજર રાખવી.

યાદ રાખવું : અત્યાચારમાં ગંભીર ઈજા પામેલ વ્યકિતને, તાત્કાલિક હોસ્પીટલે પહોચાડી ત્યાં સારવાર કરનાર ડોકટરને વાત કરતા તે મેડીકોલીગલ કેસ કાગળો બનવાશે અને નજીકના પોલીસ સ્ટેશનમાં બનાવની જાણ કરશે.

ત્રીજું : બનાવના સ્થળ ઉપર પોલીસ દ્વારા તપાસ

પોલીસ તપાસ : ફરિયાદની ચકાસણી માટે પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીને પોલીસ તપાસ કહે છે. કોગ્નિ ઝેબલ ગુનાની પ્રથમ માહિતી આપવામાં આવેલ ત્યાંથી પોલીસ તપાસનો આરંભ થાય છે. જેમાં સ્થળ પર જઈ તપાસ કરવી, નિવેદનો લેવા, ઘટના અને સંજોગોની ચકાસણી, આરોપીની ધરપકડ, ઈજાના સારવાર અગેના મેડીકલ સર્ટિફિકેટ લેવા, લાશને દવાખાને પી.એમ. માટે મોકલવી, કરેલ કાર્યવાહીનો રીપોર્ટ અદાલતને સોંપવો

ફરિયાદ નોંધાવ્યા પછી પોલીસ બનાવના સ્થળે તપાસ કરવા આવે છે.

યાદ રાખવું :

બનવાની જગ્યા ઉપર કોઈપણ વસ્તુને અડવા દેવું નહી. ત્યાં કોને પણ હલનચલન કરવા દેવું નહી. જગ્યાની સાફ સફાઈ કરવી કે કરાવવી નહી.

જો લાશ પડી હોય તો તેને પણ અડવું કે અડવા દેવું નહી. એ જે સ્થિતિમાં છે તેવી જ રીતે રહેવા દેવી.

ચોથું : બનાવના સ્થળનું પંચનામું

પોલીસ અધિકારી જે ગામમાં ગુનો બન્યો હોય ત્યાનાં જ વ્યકિતઓની પસંદગી કરીને તેમની હાજરીમાં બનાવનાં સ્થળનું પંચનામું કરે છે. પંચો બનવાના સ્થળે જે પરિસ્થિતિ હોય એટલે કે નુકશાની, તોડ–ફોડ


કાંતિલાલ પરમાર
સામાજિક કાર્યકર
અમદાવાદ–ગુજરાત


વિગેરે જોઈને લેખિતમાં દસ્તાવેજ બનાવે છે.

બનાવના સ્થળ પર લાશનું પંચનામું

લાશનું પંચનામું તાલુકાના મામલતદાર દ્વારા કરવામાં આવે છે. જો કોઈકારણવશ તે ન આવી શકે તેમ હોય તો પોલીસ અધિકારી ઓછામાં ઓછા બે અથવા વધારે આબરૂદાર માણસોને એકઠા કરી લાશની રૂબરૂ તપાસ કરે છે.

લાશના પંચનામામાં નીચે લખેલ વિગતો હોય.....

પોલીસ સ્ટેશનનું સરનામું

પંચનામું ભર્યાનું સ્થળ, સમય, તારીખ

ફરિયાદ–ખબર આપનારનું નામ

મરનારનું નામ, સરનામું, ઉંમર, જાતિ

શબ મળ્યું હોય તે જગ્યાથી નજીકનું પોલીસ સ્ટેશન કેટલું દુર છે.

મૃત્યુનું કારણ, તારીખ, સમય

શબની સ્થિતિ અને તેનું વર્ણન

શબ ઉપર દાગીના કે કોઈ ચિઠ્ઠી મળી હોય તો તે નોંધવામાં આવે છે.

પાંચમું : આરોપી –ગુનેગારની ધરપકડ

ફરિયાદ નોંધાવ્યા પછી પોલીસ ગુનેગારની ધરપડક કરે છે.

ધરપકડ બે રીતે થઈ શકે છેઃ

વોરંટઃ વોરંટ એટલે મેજીસ્ટ્રેટ દ્વારા, પોલીસને ધરપકડનો હુકમ હોય

વોરંટ સાથેઃ જો ગંભીર ગુનો ન હોય ત્યારે પોલીસે, ન્યાયાધીશનો લેખિત હુકમ લઈને ધરપકડ કરવી પડે છે.

વોરંટ વગરઃ ગંભીર ગુનામાં પોલીસ વોરંટ વગર ધરપકડ કરી શકે છે.

– સર્ચ વોરંટ(તાલાશીનું વોરંટ): ચોરીનો માલ, નકલી દસ્તાવેજો, અદાલતમાં ના લાવી શકાય તેવી વસ્તુઓ, ગેરકાયદેસરનું છાપકામ, અને ગેરકાયદેસર રીતે કબજામાં હોય તેવી વ્યકિતને છોડાવવા માટે પોલીસ સર્ચ વોરંટ મેળવે છે જેમાં

–ધરપકડ કરતી વખતે, પોલીસે પોતાની ઓળખ આપવી અને શા માટે આવ્યા છે તે જણાવવું. જો કોઈ, પોલીસને તલાશી કરતા અટકાવે, તો પોલીસ, તે વ્યકિત ઉપર બળ વાપરી શકે છે

છઠ્ઠું : મૃત્યુ પહેલા નિવેદન

ગુનાનો ભોગ બનનારને જયારે ગંભીર ઈજા પહોંચી હોય અને તાલુકાના મામલતદારને લાગે કે તે વધારે જીવી નહી શકે ત્યારે મામલતદાર તે વ્યકિતનું મૃત્યુ પહેલા નિવેદન લે છે. નિવેદન લીધા પછી તે વ્યકિતની સહી અથવા અંગૂઠાનું નિશાન લેવામાં આવે છે. ખાસ સંજોગોમાં જો મામલતદાર ન હોય તો પોલીસ અધિકારી નિવેદન લઈ શકે છે.

યાદ રાખવું : જો વ્યકિત બેભાન કે બોલી શકવાની હાલતમાં ન હોય તો નિવેદન અપાવવું નહી.

સાતમું : સ્ટેટમેન્ટ એટલે નિવેદન

ફરિયાદ નોંધાવ્યા પછી પોલીસ ફરિયાદી અને સાક્ષીઓના જવાબો/નિવેદનો લે છે.

નિવેદનોમાં તેઓએ બનાવ સમયે જે કંઈ પોતાની નજરે જોયું હોય તે લખવામાં આવે છે. કોર્ટમાં જયારે કેસ ચલાવવામાં આવે છે, ત્યારે આ નિવેદનના આધારે ન્યાયધીશની સમક્ષ ફરીયાદી અને સાક્ષીઓની જુબાની લેવામાં આવે છે.

યાદ રાખવું : પોલીસને આપેલ નિવેદન પ્રમાણે જ કોર્ટમાં જુબાની અપાય તે ખુબજ જરૂરી છે.

આઠમું : સમરી એટલે અભિપ્રાયઃ

ગુનાની તપાસ દરમિયાન જો તપાસ કરનાર પોલીસ અધિકારીઓના મનમાં જો શંકા ઉભી થાય તો તે બનાવ વિષે પોતાનો અભિપ્રાય તે ત્રણ રીતે મૂકી શકે છે. જેને સમરી કહેવાય છે.

સમરી ત્રણ રીતે અપાય

૧. A – સમરી– બનાવ સાચો છે પણ આરોપી મળતા નથી.

૨. B – સમરી – ગુનાની ફરિયાદ ખોટી છે.

૩. C – સમરી – ફરિયાદ સાચી પણ નથી અને ખોટી પણ નથી (પુરાવા મળતા નથી)

યાદ રાખવું : સમરી ભરવા માટે પોલીસે, ફરિયાદીની સમંતિ લેવી જરૂરી છે અને આ સમરીને કોર્ટમાં પડકારી શકાય છે.

છેલ્લું : ચાર્જશીટ ભરવાની

ગુનાને લગતી બધી તપાસ કરીને પોલીસ ન્યાયધીશના સમક્ષ પોતાનો રીપોર્ટ રજુ કરે છે. જેને ચાર્જશીટ કહેવામાં આવે છે. ચાર્જશીટ એટલે તહોમતનામું ફરિયાદ નોંધાવ્યા પછી ૯૦ દિવસની અંદર પોલીસે ચાર્જશીટ ફરિયાદ કોર્ટમાં દાખલ થાય છે. કોર્ટમાં ફરિયાદ દાખલ થયા પછી ફરિયાદને કેસ કહેવાય છે અને તેને કેસ નંબર આપવામાં આવે છે.

---

## ૨૬ નવેમ્બર

# રાષ્ટ્રીય બંધારણ દિવસ

દર વર્ષે ૨૬ નવેમ્બરે,રાષ્ટ્રીય બંધારણ દિવસ' ઉજવવામાં આવે છે તે પાછળનું કારણ એમ છે કે ૨૬ નવેમ્બર, ૧૯૪૯નાં રોજ ભારતનું બંધારણ ખરડા સમિતિમાં પસાર કરવામાં આવ્યુ હતું. તેથી આ દિવસને ' રાષ્ટ્રીય કાયદા દિવસ' તરીકે પણ ઉજવવામાં આવે છે.

ભારતીય બંધારણનો ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને સંઘને સુરક્ષિત રાખવા માટે દેશને સ્વતંત્ર સામ્યવાદી, બિન સાંપ્રદાયિક સ્વાયત્ત અને પ્રજાસત્તાક ભારતીય નાગરિક તરીકે રચવા માટે અપનાવવામાં આવ્યો હતો. દુનિયાનું સૌથી મોટુ બંધારણ ભારતનું છે.

તે કોઈ પ્રિન્ટ કે ટાઈપ રાઈટર દ્વારા નહીં પણ હાથેથી લખવામાં આવ્યું હતું. તેને લખતા ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસ થયા હતાં અને તેમાં ૨૮૪ લોકો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં.

જવાહરલાલ નહેરૂ, ડો. ભીમરાવ આંબેડર, ડો.રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, મેલાના અબુલ કલામ આઝાદ આ સભાના પ્રમુખ સભ્યો હતા.

બંધારણ વિશ્વનું સૌથી લાંબું લખાયેલું સંવિધાન છે. બંધારણ લખનારી સમિતીએ તેને હિંદી, અંગ્રેજીમાં હાથથી લખીને કેલિગ્રાફ કર્યુ હતું.તેમાં કોઈ ટાઈપિંગ કે પ્રિટિંગ સામેલ ન હતી.

આઝાદી મળ્યા પછી એક બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. બંધારણ સભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ મળી. એ બંધારણ




સભામાં કુલ ૩૮૯ સભ્યો હતા ત્યારબાદ ૨૯ ઓગસ્ટ,૧૯૪૭નાં રોજ ડ્રાફિટંગ કમિટીની રચના થઈ જેનું નેતૃત્વ ડો. ભીમરાવ આંબેડકર દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૬ નવેમ્બર, ૧૯૪૯નાં રોજ બંધારણના મુસદ્દાનો સ્વીકાર થયો અને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦નાં રોજ ૨૮૪ સભ્યોએ તેમાં હસ્તાક્ષર કર્યા અને અંતે ૨૬ જાન્યુઆરીએ દેશમાં બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું.

ભારતનું બંધારણ લિખિત અને વિસ્તૃત છે. તેમાં વિવિધ કાયદાઓ અને અધિકારોનો ઉલેખ્ખ કરવામાં આવ્યો છે. ન્યાયપાલિકાની સ્વતંત્રતા,યાત્રા, રહેણીકરણી, ભાષણ,ધર્મ, શિક્ષા વગેરેની સ્વતંત્રતા,એક જ રાષ્ટ્રિયતા, રાષ્ટ્રીય સ્તરે જાતિ વ્યવસ્થાની રચના, સમાન નાગરિક સંહિતા અને અધિકૃત ભાષાઓ, કેન્દ્ર ગણરાજય સમાન છે, બુદ્ધ અને બૌદ્ધ અનુષ્ઠાનનો પ્રભાવ,મહિલાઓનાં મતદાન અધિકારને લગતી ઘણી બાબતો દર્શાવાઈ છે.


**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# સાવરકુંડલાનાં પીઠવડી ખાતે ધારાસભ્ય કસવાલાનાં અધ્યક્ષસ્થાને રવિ કૃષિમહોત્સવનો પ્રારંભ






ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ ટેકોલોજી તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન આપવા રાજયનાં તમામ તાલુકામાં તા.૨૪ તથા ૨૫ નવેમ્બર દરમિયાન બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સાવરકુંડલા તાલુકા પીઠવડી ગામે તાલુકા કક્ષાનો રવિકૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે. જેમાં સાવરકુંડલા તાલુકાનો કાર્યક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને દિવાળીબા હાઈસ્કુલ પીઠવડી ખાતે યોજવામાં આવ્યો હતો. રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા શ્રી અન્ન, બાયાયત પાકોમાં નવીનતમ ટેકનોલોજી જેવા વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દ્વારા પ્રાકૃતિક કૃષિના અનુભવો વ્યકત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા શ્રી અન્નનાં ફાયદા તેમજ શ્રી અન્નને આપનાવી રોગમુકત થઈએ તેમ જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી દ્વારા શાબ્દિક સ્વાગત કર્યુ હતું. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ આયોજીત આ રવિ કૃષિ મહોત્સવનાં મુખ્ય આકર્ષણો કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન, સરદાર પટેલ કૃષિ સંશોધન, બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ વિતરણ, પશુ આરોગ્ય કેમ્પ, સેવા સેતુ તેમજ સહકારી પ્રવૃતિની રૂપરેખા છે. આ ઉપરાંત ખેડૂતોને મહાનુભાવોનાં હસ્તે યોજનાનાં મંજરીપત્રો, સહાય હુકમોનાં વિતરણ પણ કરવામાં આવ્યું. કાર્યક્રમનાં અધ્યક્ષએ ગાય આધારિત ખેતી કરવા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ આભાર વિધિ વિસ્તરણ અધિકારી પ્રણવભાઈ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ભોજનનું આયોજન થયેલ હતું. આ રવિ કૃષિ મહોત્સવમાં શ્રી અન્ન મિલેટ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત, એફ.પી.ઓ.ની કામગીરી, પ્રાકૃતિક ખેતી દ્વારા ઓગેનિક કાર્બનમાં વધારો તથા ઈનપુટસનો ઉપયોગ, બાગાયત પાકોમાં નવીનતમ ટેકનોલોજી વિગેરે બાબતો પર કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતું. સાથે મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં યોજાયેલા રાજયકક્ષાનાં રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું. તેમજ મિલેટ બુક કે જેમાં મિલેટ ધન્ય દ્વારા બનતી વિવિધ વાનગીઓની રેસિપી સહિતની માહિતી આપવામાં આવેલ છે. તેનું વિમોચન કરવામાં આવ્યુંહતું. રવિ કૃષિ મહોત્સવમાં કુલ ૫૭ લાભાર્થીઓને મંજુરીઓ મહાનુભાવોને હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. જુદા જુદા ૩૦ જેટલા સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. ઉપસ્થિતો દ્વારા આ સ્ટોલની મુલાકાત પણ લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ જીતભાઈ કાછડીયા, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરિયા, કિશોરભાઈ બુહા, રાઘવભાઈ સાવલિયા સહિતનાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો અને મદદનીશ ખેતી નિયામક, મામલતદાર, સહિતનાં અધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લા બ્રહ્મસમાજનાં

કનકભાઈ જાની, અમરેલી શહેર યુવા પાંખમાં પ્રમુખપદે રાજનભાઈ જાની, મહામંત્રી સંદીપભાઈ ત્રીવેદી, રઘુભાઈ ભટ્ટ, અને કાર્યાલય મંત્રી ઘનશ્યામદાદા જોષી, પ્રકાશભાઈ આચાર્યની વરણી કરવામાં આવી છે. ત્યારે સમગ્ર ટીમને સમસ્ત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ ઉદયનભાઈ ત્રિવેદીએ વરણીને આવકારેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીનાં દુધાળા ખાતે 'જળ ઉત્સવ'નો

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન કેન્દ્રીય રાજયમંત્રી અનિકુમાર ચૌબેની પ્રેરક ઉપસ્થિતિમાં દુધાળા સ્થિત હેતની હવેલી ખાતે જળ ઉત્સવ–૨૦૨૩નો સમાપન સમારોહ યોજાયો હતો.

જળ મહોત્સવ–૨૦૨૩ સમાપન પ્રસંગે સંબોધન કરતા પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન કેન્દ્રીય રાજયમંત્રી અનિકુમાર ચૌબેએ જણાવ્યુ કે, લાઠી–લીલીયાના ખારાપાટ વિસ્તારમાં જળસંગ્રહના કાર્યો થકી આ વિસ્તારમાં નવા પ્રાણ પૂરવા માટે ગુજરાત રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા જળ સંરક્ષણનું કાર્ય થયું તે જોઈ મને પ્રસન્નતા અનુભવાઈ છે, જળ સંરક્ષણના આ કાર્યો અને જળ ઉત્સવ કાર્યક્રમે મને પ્રેરણા આપી છે. મંત્રીએ વધુમાં કહ્યુ કે, આપણે પ્રકૃતિની રક્ષા કરીશું તો પ્રકૃતિ આપણી રક્ષા કરશે, જળ સંરક્ષણના પુનિત કાર્યો થકી સૂકી જમીન જીવંત બની છે. પ્રકૃતિ પ્રેમી બનીએ, સૌ સાથે મળી પ્રકૃતિને બચાવવા આગળ વધે. જળ મહોત્સવ એ જળના મહત્વને પ્રસ્થાપિત કરે છે, આપણે સૌએ કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે જળ સંરક્ષણ, વૃક્ષારોપણ જેવા કાર્યો કરવા જરૂરી છે, આગામી પેઢીના ભવિષ્ય માટે આ કાર્યો ઉપયોગી થશે તેમ ઉમેર્યુ હતુ. પ્રકૃતિ, સંસ્કૃતિ અને સાહિત્ય સાથે વિરાસત જાળવી પ્રગતિ થઈ શકે. મંત્રીએ જળ એ જ જીવન છે, જળ થી સમૃધ્ધિ, જળથી ભવિષ્ય, જળથી અસ્તિત્વ, જળ છે તો વિકાસ છે ના નાદ સાથે સભા સ્થળ ગુંજાવી દીધું હતું. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન કેન્દ્રીય રાજયમંત્રી અનિકુમાર ચૌબેએ, દુધાળા સ્થિત હેતની હવેલી ખાતેના ટેન્ટ સિટી, બર્ડ પાર્ક, વોટર સ્પોર્ટ્સ, બોટનિકલ ગાર્ડનની (અમૃતવન) સહિતના જળ ઉત્સવના આકર્ષણોની મુલાકાત લીધી હતી. લાઠીના દુધાળા ખાતે થયેલા જળ સંગ્રહ માટેના વિકાસ કાર્યો બદલ સાંસદ નારણભાઈ કાછડીયાએ ગુજરાત રાજય સરકાર, અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને ધોળ કિયા ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા. પ્રાસંગિક ઉદ્દબોધનમાં સાસંદે, જળ સંગ્રહના કાર્યોનો લાભ દરેક નાગરિકને મળે અને રાષ્ટ્રના હિત અને રાષ્ટ્રના વિકાસ માટે સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

જળ સંગ્રહના કાર્યો અને દુધાળા ખાતેના ૧૦ દિવસીય જળ મહોત્સવ કાર્યક્રમના આયોજન માટે ગુજરાત રાજય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રના સહકાર બદલ સવજીભાઈ ધોળકિયાએ આભાર વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા. સવજીભાઈએ જળ ઉત્સવ કાર્યક્રમ એ સરકાર, સમાજ, સરકારી સેવામાં હોય તે તમામના ઉત્તમ પ્રયાસો થકી સંપન્ન થયો હોય, આ કાર્યક્રમ એ 'સબ કા સાથ સબ કા વિકાસ' સંપ–એકતાના પ્રતિકસમો હોવાનું કહ્યું. તેમણે યુવાનો સહિતના નાગરિકોને રાષ્ટ્રના વિકાસ માટેના કાર્યો કરવા નેતૃત્વ કરવા માટે અનુરોધ કર્યો હતો.

મહત્વનું છે કે, દુધાળા ખાતે યોજાયેલા ૧૦ દિવસીય જળ મહોત્સવ–૨૦૨૩માં અનેક લોકોએ મુલાકાત લઈ જળ સંરક્ષણના કાર્યોને નિહાળી પ્રેરણા મેળવી હતી. લોકમેળા સહિતના આકર્ષણોનો મુલાકાતીઓએ આનંદ માણ્યો હતો. લાઠી–લીલીયાના ખારાપાટ વિસ્તારમાં આવેલ ગાગડિયા નદીને ઉંડી ઉતારી તેમાં જળસંગ્રહના થયેલા કાર્યો ગુજરાત રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યા છે તેને આગળ ધપાવતા જળ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો.

જળ ઉત્સવ સમાપન સમારોહમાં આભાર દર્શન લાઠી–બાબરા પ્રાંત અધિકારી નીરવ બ્રહ્મભટ્ટે કરી હતી. ઉપરાંત સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેવલ મહેતાએ કર્યુ હતુ. જળ ઉત્સવ સમાપન સમારોહ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, લાઠી–બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, કાર્યકારી જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, ગીર પૂર્વ ધારી રેન્જના નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા, વાઈલ્ડ લાઈફ–શેત્રુંજી નાયબ વન સંરક્ષક જયંત પટેલ, રાજુલા–જાફરાબાદ પ્રાંત અધિકારી બરાસરા, અગ્રણી જીતુભાઈ ડેર, ભીખાભાઈ ધોરાજીયા, પદાધિકારીઓ–અધિકારીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૫ | ૧૪૫૫ |
| ૨ | મગફળી | ૯૭૫ | ૧૨૫૦ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૬૦ |
| ૪ | ચણા | ૧૧૦૫ | ૧૧૪૧ |
| ૫ | તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૬ | અડદ | ૧૭૭૦ | ૧૭૭૦ |
| ૭ | સોયાબીન | ૯૬૦ | ૯૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૮૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૦૫૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૦૦ |
| ૫ | કપાસ | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૮૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૩૯ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૪૬૧ |
| ૯ | મકાઈ | ૪૯૨ | – |
| ૧૦ | ચણા | ૧૦૧૧ | ૧૨૬૫ |
| ૧૧ | સોયાબીન | ૮૦૦ | ૯૯૩ |
| ૧૨ | ધાણા | ૧૪૦૧ | ૧૫૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૪ | ૧૨૯૫ |
| ૨ | શિંગ મોટી | ૧૧૩૫ | ૧૪૧૮ |
| ૩ | તલ સફેદ | ૧૨૦૦ | ૩૪૩૧ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૦૦ |
| ૫ | બાજરો | ૪૦૬ | ૫૧૭ |
| ૬ | જુવાર | ૯૦૦ | ૧૧૯૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૬૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૬૦૧ |
| ૯ | અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૧૨૪૧ |
| ૧૧ | તુવેર | ૯૦૦ | ૨૧૫૧ |
| ૧૨ | કપાસ | ૯૪૦ | ૧૪૭૭ |
| ૧૩ | એરંડા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૧૪ | રાય | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | ધાણા | ૧૧૬૦ | ૧૪૮૮ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૯૭૩ |
| ૧૭ | મરચા લાંબા | ૧૯૯૦ | ૩૪૧૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## સુરજવડી અને શેલ દેદુમલ

પાલિકાના ટાઉન પ્લાનિંગ ચેરમેન કિશોર બૂહા, ભાજપ અગ્રણી નિલેશભાઈ કચ્છી અને સંજયભાઈ બરવાળીયા સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહીને જરૂરી અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન અંગે ધારાસભ્યને સમગ્ર હકીકતથી વાકેફ કર્યા હતા ને સૌની યોજનાનું પાણી બન્ને ડેમો સુધી પહોંચવામાં કોઈ ટેકનિકલ ખામી ન સર્જાય તેની ખાસ સ્પેશ્યલ ટીમની મુલાકાતની સૌની યોજના ટુંક સમયમાં સાવરકુંડલા વિસ્તારોના ખેડૂતોના સ્વપ્નો સાકાર થાય તેવા અભિગમને ખેડૂતોએ વધાવી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૮૩ | ૧૪૫૯ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૫ | ૧૪૯૫ |
| ૨ | મગફળી | ૧૨૩૫ | ૧૩૨૫ |
| ૩ | તલ સફેદ | ૨૬૬૦ | ૩૧૦૦ |
| ૪ | ઘઉં | ૪૯૫ | ૫૯૫ |
| ૫ | ચણા | ૯૨૫ | ૧૦૯૫ |
| ૬ | સોયાબીન | ૯૧૧ | ૯૬૯ |
| ૭ | મગ | ૧૫૬૦ | ૧૮૦૦ |

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૮ |
| ૨ | ચણા | ૧૦૪૦ | ૧૧૬૪ |
| ૩ | મેથી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૪ | સોયાબીન | ૯૨૩ | ૯૭૬ |
| ૫ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૮૦ |
| ૬ | મગફળી | ૧૨૪૨ | ૧૨૭૧ |
| ૭ | ચણા છોલે | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૩૪ | ૫૬૦ |
| ૯ | જુવાર | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૦ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૧ | ધાણા | ૧૩૩૨ | ૧૪૨૮ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૫૬૫ | ૫૮૧ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૧૨ | ૧૫૦૦ |
| ૧૪ | લસણ | ૧૧૦૦ | ૧૧૦૦ |

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરાએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરું છું કે, અમારી પાસેથી અમારા અસીલ રાઘવભાઈ વલ્લભભાઈ તાવેથીયા, રે. અમરાપરા, તા. બાબરા, જી. અમરેલી વાળાની મિલકત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે. તે મિલકત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

અમરાપરા ગ્રામ પંચાયતમાં આવેલ મિલકત રહેણાંક હેતુ આકરાણી નં. ૩૫૯, ચો.વાર. ૨૫૦ વાળી મિલકતનું ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો મિલકતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૨૫/૧૧/૨૦૨૩
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે
મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ)**

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ૨ | મગફળી | ૧૦૭૦ | ૧૩૩૬ |
| ૩ | ચણા | ૯૫૧ | ૧૧૧૬ |
| ૪ | જુવાર સફેદ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૫ | તલ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૬ | અડદ | ૧૩૨૫ | ૧૫૫૧ |
| ૭ | સોયાબીન | ૯૬૦ | ૯૬૪ |
| ૮ | એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૭૫ | ૧૩૫૩ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૪૦૦ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ૫ | બાજરો | ૪૨૬ | ૫૧૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૯ |
| ૭ | જુવાર | ૮૦૦ | ૧૩૪૫ |
| ૮ | મગ | ૧૮૧૮ | ૨૩૦૦ |
| ૯ | મઠ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૦૫૦ |
| ૧૧ | જીરૂ | ૮૦૦૦ | ૮૦૦૦ |
| ૧૨ | સોયાબીન | ૯૦૦ | ૯૫૧ |

# સુડાવડ : પ્રાકૃતિક કૃષિ થતી હોય તેવા ખેતરોની ખેડૂતોએ મુલાકાત કરી પ્રત્યક્ષ નિદર્શન નિહાળ્યું





અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાનાં સુડાવડ ગામે રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમ અન્વયે પ્રાકૃતિક કૃષિ વિશેનું સઘન માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી કરતા હોય તેવા ખેડુતોના ખેતરની અન્ય ખેડુતોએ મુલાકાત કરી પ્રાકૃતિક કૃષિ માટેનું પ્રત્યક્ષ નિદર્શન મેળવ્યું હતુ. ગાંધીનગર ખાતે ફરજ બજાવતા બાગાયત નિયામક પી.એમ. વઘાસિયા અને પ્રગતિશીલ ખેડૂત પ્રવીણભાઈ આસોદરીયાએ, રવી કૃષિ મહોત્સવ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અંગેની સમજ અને માર્ગદર્શન સાથે તે અપનાવવા માટેની વિગતો આપી હતી. ખેતી વિસ્તરણ અધિકારી રાહુલભાઈ વાછાણીએ ખેડુતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું.

### આચારસંહિતા ભંગ કર્યાનો ભાજપનો આક્ષેપ

# રાહુલ ગાંધીનું એક્સ એકાઉન્ટ બંધ કરવાની ભાજપની માગ

## ભાજપે તેના પત્રમાં ચૂંટણી પંચને રાહુલ ગાંધી વિરુદ્ધ ફોજદારી ફરિયાદ દાખલ કરવા માટે પણ અપીલ કરી

જયપુર, તા.૨૫

આજે રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી માટે ૧૯૯ બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. ૧૯૯ વિધાનસભા બેઠકો માટે ૧,૮૬૩ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં આ વખતે કોંગ્રેસ-ભાજપ વચ્ચે ખરાખરી જંગ થવાની શક્યતા છે. એવામાં ભાજપએ ચૂંટણી પંચને પત્ર લખીને ફરિયાદ કરી છે કે કોંગ્રેસના સ્ટાર પ્રચારક રાહુલ ગાંધીએ આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે.

ભાજપે આરોપ લગાવતા કહ્યું કે, સોશિયલ મીડિયા હેન્ડલ એક્સના ઉપયોગ દ્વારા તેમણે આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. ભાજપે ચૂંટણી પંચને સોશિયલ મીડિયા કંપની પાસે રાહુલ ગાંધીના એકાઉન્ટને તાત્કાલિક સસ્પેન્ડ કરવા અને વાંધાજનક કન્ટેન્ટને તાત્કાલિક દૂર કરવા માટેની અપીલ કરી છે.

ભાજપે તેના પત્રમાં ચૂંટણી પંચને રાહુલ ગાંધી વિરુદ્ધ ફોજદારી ફરિયાદ દાખલ કરવા અને આ સંબંધમાં રાજસ્થાનના મુખ્ય ચૂંટણી અધિકારીને સૂચના આપવા માટે પણ અપીલ કરી છે. ભાજપે તેની ફરિયાદમાં રાહુલ ગાંધીના ટ્વીટનો સ્ક્રીનશોટ પણ શેર કર્યો હતો. રાહુલ ગાંધીએ આજે સવારે ૮.૪૦ વાગ્યે આ ટ્વીટ કર્યું હતું. આ ટ્વીટમાં તેમણે રાજસ્થાનમાં કોંગ્રેસની ચૂંટણી ગેરંટી વિશે જણાવ્યું હતું.

ભાજપનો આરોપ છે કે, આચારસંહિતા હેઠળ મતદાનના ૪૮ કલાક પહેલા સાયલન્સ ઝોનની મર્યાદા શરૂ થઈ જાય છે અને કોઈ આ રીતે પ્રચાર કરી શકે નહીં. ભાજપનું કહેવું છે કે રાહુલ ગાંધીએ આ ટ્વીટ કરીને પીપલ્સ એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬નું ઉલ્લંઘન કર્યું છે. ભાજપે તો એવો પણ ઉલેખ્ખ કર્યો કે આ પ્રકારના ઉલ્લંઘન માટે બે વર્ષની જેલ અને દંડ બંનેની જોગવાઈ છે.

મતદાન પ્રક્રિયા સુચારૂ અને શાંતિપૂર્ણ રીતે હાથ ધરવા માટે ૧,૭૦,૦૦૦ થી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે, જેમાં ૭૦ હજારથી વધુ રાજસ્થાન પોલીસના જવાનો, ૧૮ હજાર રાજસ્થાન હોમગાર્ડ્સ, ૨ હજાર રાજસ્થાન બોર્ડર હોમગાર્ડ્સ, અન્ય રાજ્યો (ઉત્તર)ના પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. પ્રદેશ, ગુજરાત, હરિયાણા, મધ્યપ્રદેશ)માં ૧૫ હજાર હોમગાર્ડ અને આરએસીની ૧૨૦ કંપનીઓનો સમાવેશ થાય છે.

# બાબરા ખાતે સરકારી તાલુકા પુસ્તકાલયમાં પુસ્તક પ્રદર્શન યોજાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરામાં સરકારી તાલુકા પુસ્તકાલયમાં પુસ્તક ૧૭ થી ૨૦ નવેમ્બર ૨૦૨૩ દરમિયાન પુસ્તક પ્રદશન યોજાયું હતું.

જેમાં જિલ્લા ગ્રંથપાલ કે.એમ. રાઠવા ઉપસ્થિત રહ્યા હતા. અહીં સ્થાનિક વાચકોના હસ્તે પુસ્તક પ્રદશનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. પુસ્તક પ્રદર્શનમાં સ્પર્ધાત્મક પ્રીક્સ તેમજ નવલકથા, કાવ્યો, ગઝલ સહિતના નવા પુસ્તકોનું પ્રદશન યોજાયું હતું. જેનો લાભ વિદ્યાર્થીઓ તેમજ વાચકોએ મેળવ્યો હતો.

### ભાજપના લોકોની પણ ધરપકડની મમતાની ધમકી

# પ.બંગાળના વિપક્ષી નેતાએ મમતા બેનર્જી સામે પોલીસ ફરિયાદ કરી

## ટીએમસીના ચાર ધારાસભ્યોને જેલમાં ધકેલીને ભાજપ સંખ્યા ઘટાડવાનો પ્રયાસ કરી રહી હોવાનો મમતાનો આક્ષેપ

કોલકાતા, તા.૨૫

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ કથિત રીતે ધમકી આપવા બદલ પોલીસ ફરિયાદ કરી છે.

આરોપ છે કે મમતા બેનર્જીએ કહ્યું હતું કે, જો કેન્દ્રીય એજન્સીઓ દ્વારા ટીએમસી નેતાઓની ધરપકડ કરવામાં આવશે તો તે ભાજપના લોકોની ધરપકડ કરી લેશે. મમતા બેનર્જીએ ગુરુવારે ટીએમસી કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે, તેમણે અમારા ચાર ધારાસભ્યોને જેલ હવાલે કરી દીધા છે. તેમણે એ વિચારીને તેમને જેલ ભેગા કર્યા કે તેઓ આ રીતે અમારી સંખ્યા ઘટાડી દેશે. જો તેઓ મારા ચાર લોકોને ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં મોકલશે અને બદનામ કરશે તો હું ભાજપમાંથી આઠ લોકોને હત્યા અને અન્ય કેસોમાં જેલ હવાલે કરી દઈશ. વિભિન્ન કથિત કૌભાંડમાં ઈડી અને સીબીઆઈ દ્વારા ધરપકડ કરવા બાદ ઓછામાં ઓછા પાંચ હાઈ-પ્રોફાઈલ ટીએમસી નેતા ન્યાયિક કસ્ટડીમાંછે. તેમાંથી ૪ ધારાસભ્યો અને બે મંત્રી સામેલ છે. શુભેન્દુ અધિકારીએ કહ્યું કે, મેં મારી ફરિયાદ હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને ઈમેલ કરી દીધી છે અને તેમને વિનંતી કરી છે કે, તેઓ નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં કરેલી ટિપ્પણી માટે મુખ્યમંત્રી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરે. તેમણે તેમની પાર્ટી વતી શપથ લીધા છે અને ભાજપના આઠ લોકોની ધરપકડ કરવાની ધમકી આપી છે.

તેમણે એમ પણ કહ્યું કે, જો પોલીસ એફઆઈઆર નોંધવાનો ઈનકાર કરશે તો તે ૭૨ કલાક રાહ જોશે અને પછી મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટમાં જઈને ફરિયાદ પર સંજ્ઞાન લેવાનો અનુરોધ કરશે.

બીજેપી ધારાસભ્યએ કહ્યું કે, આ પ્રકારના કૃત્યો એ ગુનાઓનો ખુલાસો કરે છે જે પ્રકૃતિમાં સંજ્ઞેય છે અને સીધી રીતે મને અને અન્ય સદસ્યોને નિશાન બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આ પ્રકારના કૃત્યો આઈપીસીની કલમ ૧૮૨, ૧૯૪, ૧૯૫?, ૨૧૧, ૨૦૩, ૫૦૫ અને ૫૦૬ હેઠળ દંડનીય ગુનો છે.

### ફેરી બોટ સર્વિસને લઈ સમાચાર સામે આવ્યા

# ઓખા-બેટ દ્વારકા વચ્ચેની ફેરી બોટનો પુનઃ પ્રારંભ કરાયો

## તેજ પવનને કારણે બોટ સર્વિસ બંધ રખાઈ હતી

અમદાવાદ,તા.૨૫

ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વિગતો મુજબ હવામાનની આગાહીને પગલે દરિયાકાંઠે તેજ પવન શરૂ થતાં આજે સવારે ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસ બંધ કરાઈ હતી.

વિગતો મુજબ તેજ પવન શરૂ થતાં GMB દ્વારા યાત્રિકોની સલામતીને ધ્યાને લઈ બોટ સર્વિસ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે હવે ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફરી બોટ પુનઃ શરૂ કરવામાં આવી છે. મહત્વનું છે કે, હવામાન વિભાગે આજે રાજ્યના અમુક વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરી છે. દ્વારકા અને ઓખા બેટ વચ્ચે ચાલતી ફેરી બોટ સર્વિસને આજે સવારે બંધ કરવામાં આવ્યા બાદ હવે ફરી શરૂ કરવામાં આવી છે. વિગતો મુજબ દરિયાકાંઠે ભારે પવનના કારણે બોટ સર્વિસ બંધ કરાઈ હતી.

અહીં તેજ પવન શરૂ થતાં GMBએ દ્વારા આ નિર્ણય લેવાયો હતો. મહત્વનું છે કે, યાત્રિકોની સલામતીને ધ્યાને લઈ બોટ સર્વિસ બંધ કરવામાં આવતા યાત્રિકો બેટ દ્વારકા દર્શન નહિ કરી શકે તેવું હમણાં સુધી લાગતું હતું. જોકે હવે વાતાવરણ સામાન્ય બન્યા બાદ હવે ઓખા બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફરી બોટ પુનઃ શરૂ કરવામાં આવી છે. હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ ૨૫થી ૨૭ નવેમ્બર વચ્ચે રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. તેમણે કહ્યું કે અનેક જગ્યાએ ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પડી શકે છે. પરેશ ગોસ્વામીએ કહ્યું કે, ૨૪ નવેમ્બરથી ગુજરાત ઉપર ગાઢ વાદળો છવાવાનું ચાલુ થઈ જશે. આ સાથે તેમણે કહ્યું કે, છેલ્લા ૪ વર્ષની અંદર સૌથી તીવ્રતાવાળું માવઠું એ ૨૫ થી ૨૭ નવેમ્બર ૨૦૨૩ દરમિયાન જોવા મળશે. મોટા ભાગે માવઠાની અંદર સામાન્ય વરસાદ પડતાં હોય છે પણ આ માવઠામાં અનેક વિસ્તારોની અંદર ૨ થી ૩ ઈંચ વરસાદ જોવા મળશે અને પવનની સ્પીડ સામાન્ય રીતે વધી ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપ જોવા મળે તેવું અનુમાન છે.

# કુંકાવાવ ખાતે ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા ચોપડા વિતરણ



કુકાવાવ, તા. ૨૫

આગામી દિવસોમાં સંવિધાન પખવાડિયું કાર્યક્રમ ' સંવિધાન ગેરવ પખવાડિયા' નિમિત્તે કુકાવાવ તાલુકા ભાજપ મોરચા દ્વારા તારીખ ૨૨/૧૧/૨૩ ને સમય ૫:૩૦ કલાકે બપોરે કુકાવાવ આંબેડકર છાત્રાલય ખાતે બાળકોને ચોપડા વિતરણનો કાર્યક્રમ રાખેલ તે કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ ભરતભાઈ મયાત્રા તાલુકા ભાજપ મહા મંત્રી ભરતભાઈ ધાધલ, ઉપપ્રમુખ જેન્તીભાઈ, કારોબારી સભ્ય મહેન્દ્રભાઈ લુહાર, કારોબારી સભ્ય વાલજીભાઈ ધાધલ, મીડિયા સેલ કરોબારી સભ્ય કરન ભાઈ સેજુ, રોહિતભાઈ લુહાર, હાર્દિક ભાઈ પરમાર, કાન્તિભાઈ ધાધલ, છાત્રાલયનાં ટ્રસ્ટી ખીમજીભાઈ જાદવ તેમજ ગામના આગેવાન અને છાત્રાલયનાં ત્રીસ કરતા વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ.

### કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષના મોદી સરકાર સામે આકરા પ્રહાર

# પીએમઓ અને મંત્રાલયો રબર સ્ટેમ્પ બની ગયા : સોનિયા ગાંધી

## એનએસીની ભૂમિકા મર્યાદિત થઇ છે, સરકાર સતત તેની નીતિઓ માટે આરએસએસથી નિર્દેશો લેતી હોવાનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૨૫

કોંગ્રેસ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ફરી એકવાર મોદી સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. રાષ્ટ્રીય સલાહકાર પરિષદ (એનએસી) અંગે સોનિયાએ કહ્યું કે આ કોઈ બીજું પાવર સેન્ટર નહોતું પણ વડાપ્રધાનને સલાહ આપનાર એક સમિતિ જ હતી.

સોનિયા ગાંધીએ તેમના આવનારા પુસ્તક અંગે ખુલાસો કરતાં કેન્દ્રની મોદી સરકાર સામે પણ નિશાન તાક્યું. સોનિયા ગાંધીએ કહ્યું કે કેન્દ્રની મોદી સરકાર ખુલ્લેઆમ આરએસએસથી નિર્દેશો લઈને જ કામ કરે છે. આરએસએસ ન તો વિશ્વસનીય છે અને તો પ્રજાએ તેને ચૂંટી છે. એન્હાન્સિંગ પીપલ્સ રાઈડ એન્ડ ફ્રીડમ - એનએસી રીવિઝિટેડ નામના લેખમાં સોનિયા ગાંધીએ લખ્યું છે કે આ જ વિડંબના છે કે એનએસીને અપમાનિત કરાઈ. એનએસીની ભૂમિકા મર્યાદિત થઈ ચૂકી છે.

વર્તમાન મોદી સરકાર સતત તેની નીતિઓ માટે આરએસએસથી નિર્દેશો લે છે. ૨૦૧૫માં કેન્દ્રીય મંત્રીઓએ તેમની નીતિઓનું સંપૂર્ણ માળખું રજૂ કર્યું હતું. પીએમ મોદીએ તેને માર્ગદર્શન નામ આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી પર આરોપો લાગતા રહ્યા છે કે તે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પરિષદના અધ્યક્ષ હતા ત્યારે મનમોહન સિંહની સરકારમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો કરતા હતા.

રાષ્ટ્રીય યોજના આયોગનો ઉલ્લેખ કરતાં સોનિયા ગાંધીએ કહ્યું કે તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ સુભાષ ચંદ્ર બોઝે નિર્ણયો કરતી સંસ્થાનું વિકેન્દ્રીકરણ કરીને એનએસીની સ્થાપના કરી હતી. જોકે હવે એનડીએની સરકારમાં વડાપ્રધાન કાર્યાલય અને મંત્રાલય ફક્ત રબર સ્ટેમ્પ બનીને રહી ગયા છે.

સંસદીય લોકતંત્ર મજાક બનીને રહી ગયું છે. તેમણે એનએસીની સફળતાની યાદી બતાવતા કહ્યું કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો, વન અધિકાર કાયદો ૨૦૦૬ જેવા કાયદા એનએસીની સલાહ બાદ જ બન્યા હતા.

સોનિયાએ કહ્યું કે એનડીએ સરકારમાં ૨૦૧૪થી લઈને ૨૦૧૯ સુધી ૧૮૬ બિલ રજૂ કરાયા હતા જેમાં ૧૪૨ બિલ પર કોઈ સલાહ લેવાઈ નહોતી. પ્રજાને નિર્ણય લેવાના અધિકાર અને સલાહ આપવાનારા અધિકારથી વંચિત કરી દેવામાં આવી. સરકાર અને નાગરિકો વચ્ચેના સંબંધ એકતરફી થઈ ગયા છે.

### NEET ની પરીક્ષાને લઇ મહત્વના સમાચાર

# NEETની પરીક્ષા બાયોલોજી વિષય વગર પણ આપી શકાશે

## વિદ્યાર્થીઓ હવે બાયોલોજી વિષય પાછળથી પાસ કરી મેડિકલમાં પ્રવેશ માટે લાયક બની શકશે

અમદાવાદ,તા.૨૫

મેડિકલમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, નેશનલ મેડિકલ કમિશન દ્વારા પ્રવેશના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વિગતો મુજબ નેશનલ મેડિકલ કમિશન દ્વારા કરવામાં આવેલ ફેરફાર મુજબ હવે NEETની પરીક્ષા બાયોલોજી વિષય વગર પણ આપી શકાશે. મહત્વનું છે કે, ૨૦૨૪થી બાયોલજી વગર NEET પરીક્ષા આપી શકાશે.

નેશનલ મેડિકલ કમિશન દ્વારા મેડિકલમાં પ્રવેશના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ પહેલા NEET પરીક્ષા બાયોલોજી વિષય પાસ વ્યક્તિ આપી શકતા હતા. જોકે હવે ધો.૧૨માં બાયોલોજી ન હોય છતા પાછળથી બાયોલોજી વિષય પાસ કરીને પ્રવેશ મેળવી શકશે.

વિદ્યાર્થીઓ હવે બાયોલોજી વિષય પાછળથી પાસ કરી મેડિકલમાં પ્રવેશ માટે લાયક બની શકશે. આ નિર્ણય વિદેશ અભ્યાસ માટે જવા માગતા વિદ્યાર્થીઓને પણ ઉપયોગી થશે.

## એક સૈનિક કી કહાની સૈનિક કી જુબાન

એક સૈનિક કી કહાની... સૈનીક કી જુબાન...
પતા નહિ યહાં પે સબ કુછ હૈ...
લેકીન કુછ ના કુછ અધુરાસા લગતા હે...
રોજ સુબહ વહી સુરજ ઉગતા હે..
લેકીન વો ગાવકી જૈસી કિરણે નહી લગતી.
બારીશ તો બહુત હી ગીરતી હૈ...
લેકીન ગાંવ કી મીટ્ટીકી જૈસી મહેક નહિ આતી..
યહાં દોસ્ત તો બહુત હૈ....
લેકીન કયા કરૂ યારો, ગાંવ કીયારી નજર નહીં આતી.
યહાં ખાના તો હરરોજ બનતા હૈ,
ભરપેટ ખાતે ભી હૈ...
લેકીન ગાંવ કી માં કે હાથોકી રોટીકી મીઠાશ,
ઢૂંઢને સે ભી નહીં મિલતી.
ચાય તો તીન ટાઈમ પીતે હૈ,
લેકિન વો ગાંવ કી કીટલી પે બેઠકર,
દોસ્તો કે સાથ પિને વાલી
ચાય કિ ફીલિંગ નહીં આતી હે...
કયા કરૂ યારો યહાં પર
સબ કુછ હોકર ભી કુછના કુછ અધુરા સા લગતા હે..



– દિપ્તી ગજ્જર
મો.૯૯૦૯૩૦૮૮૨૯

# તાઈવદર : વિકસિત ભારત સંકલ્પયાત્રાને આવકાર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

તાઈવદર ગામ વિકસીત ભારત સંકલ્પ યાત્રાનેઆવકારતી પ્રાથમિક શાળાની નાની બાળાઓ ગામના સરપંચ, ઉપસરપંચ તેમજ ગ્રામ પંચાયતનાં સદસ્યો અને વડીલો અને બહેનોએ ખુબ હરખથી અને શાંતિથી કાર્યક્રમ નિહાળ્યો હતો અને સાથે સાથે પુલ થી ચોરા સુધીનો આર. સી. સી. રોડ નુ ખાત મુહૂર્ત કરતા તાલુકા પંચાયતનાં વિક્રમભાઈ દેથળીયા, તાલુકા પંચાયતના ચેરમેન વિઠ્ઠલ ભાઈ ગ્રાંભડીયા અને ગામનાં સરપંચ ખોડુભાઈ શાક, ત.ક.મંત્રી વિલાસબેન કાચેલા અને તાલુકા પંચાયતની ટીમ તેમજ ગામનાં આગેવાનોનાં હસ્તે ખાતમુહૂર્ત કરવામા આવ્યુ હતું.

# બાબરા, બગસરા, ખાંભા, લીલીયા, ધારી સહિતના તાલુકાઓમાં રવિ કૃષિ મહોત્સવ યોજાયા









વડાપ્રધાન અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિમાં આધુનિક ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા, ખેડૂતોને નવીનતમ ટેક્નોલોજીનું જ્ઞાન મળી રહે, ખેડૂત હિતલક્ષી યોજનાઓની માહિતી ખેડૂતોને પુરી પાડવા અને ખેડૂતોના સશકિતકરણનાં ઉમદા ઉદ્દેશ સાથે કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. જેના ઉમદા પરિણામો ખેડૂતોને મળી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ જિલ્લાના પીરાણા ખાતેથી 'રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૩' નો રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આજરોજ જિલ્લાના બાબરા, બગસરા, ખાંભા, લીલીયા, ધારી સહિતના તાલુકાઓમાં રવિ કૃષિ મહોત્સવ–૨૩ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ અને અધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. ખેડૂતોને વિવિધ યોજનાઓની માહિતી, પ્રાકૃત્તિક કૃષિલક્ષી માર્ગદર્શન સ્થળ પર જ આપવામાં આવ્યું હતું.

## ધારાસભ્ય અને ખેડૂત પુત્ર મહેશ કસવાલાની ભારે જહેમતનાં પરિણામ સ્વરૂપે

# ભૈ વાહ : સુરજવડી અને શેલ દેદુમલ થશે પાણીથી છલોછલ

સાવરકુંડલા પંથકનાં અનેક ગામોનાં સેંકડો ખેડૂતોની જમીનમાં હરિયાળી ક્રાંતિ સર્જાશે

યુધ્ધનાં ધોરણે પાઈપલાઈનની કામગીરી શરૂ કરવા માટે સિંચાઈ વિભાગ સક્રીય

ઉચ્ચ અધિકારીઓએ સ્થળ પરીક્ષણ શરૂ કરીને સમગ્ર રૂપરેખા પ્રાથમિક ધોરણે શરૂ કરી

વર્ષો જુની માંગ ખેડૂતોની પૂર્ણ થવા જઈ રહી હોય ખેડૂતોમાં ધારાસભ્ય પ્રત્યે અહોભાવ



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાના ખેડૂતોને ખેતીમાં આશીર્વાદરૂપ નર્મદાની સૌની યોજનાનું પાણી મળી રહે તે માટે તત્પર ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના અથાગ પ્રયત્નોને સાકાર સ્વરૂપ આપવા માટે આજે સૌની યોજનાંના ભાવનગર કાર્યપાલક ઈજનેર ગજેરા, ડેપ્યુટી કાર્યપાલક ઈજનેર સરવૈયા સાથે અમરેલી સિંચાઈ વિભાગના ડેપ્યુટી ઈજનેર કંણજારીયા, એસ.ઓ. સેંઝું અને સાવલીયા દ્વારા સૌની યોજનાના પાણી પુરતા ફોર્સ અને કોઈપણ જાતની ટેકનિકલ ક્ષતિઓ ના રહે તે અંગે અધિકારીઓએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું ને સ્થળ પર વીઝીટ કરીને બંને ડેમો પર સૌની યોજનાનું પાણી ડેમમાં ઠલવાઈ અને ખેડૂતોને હરિયાળી ક્રાંતિ સર્જવાના ધારાસભ્યના સ્વપ્નોને સાકાર કરવાના દ્રઢ નિર્ણય સાથેના રાજય સરકારમાંથી લાવેલી ગ્રાન્ટની ટાઈમ લિમિટમાં કાર્ય પૂર્ણ કરવાની ધગશ અને સતત ફોલોપ લઈને ચોકસાઈપૂર્વકની કામગીરીઓ થાય તે માટે ધારાસભ્ય અને ભાજપની ટીમ દ્વારા આજે હાથસણી ડેમ અને સૂરજવડી ડેમની વીજીટ અધિકારીઓ સંગાથે તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા,

અનુસંધાન પાના ૬ ઉપર

### સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજમાં માર્ગદર્શન હેઠળ નિમણુંક


# અમરેલી જિલ્લા બ્રહ્મસમાજનાં હોદ્દેદારોની વરણી : પ્રમુખ તરીકે મુકુંદભાઈ મહેતા અને મહામંત્રી પદે ભગીરથ ત્રિવેદી

### સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનાં કારોબારી સભ્ય તરીકે બકુલ પંડયા અને નિલેશ જાની









અમરેલી, તા. ૨૫

સોરાષ્ટ્ર કચ્છ બ્રહ્મસમાજના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના હોદેદારોની બિનહરીફ વરણી કરાતા પ્રમુખ તરીકે મુકુંદભાઈ મહેતા અને મહામંત્રી ભગીરથભાઈ ત્રિવેદીની બિનહરીફ વરણી કરવામાં આવી છે જયારે સોરાષ્ટ્ર – કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના કારોબારી સભ્ય તરીકે આગમન દૈનિકના તંત્રી અને ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજ ના સ્થાપક ટ્રસ્ટી તથા બાર કાઉન્સીલ ના સભ્ય બકુલભાઈ પંડયાની વરણી કરવામાં આવી છે. તેમજ ઉપપ્રમુખપદે નરૂભાઈ ત્રિવેદી, બાબરા, પરાગભાઈ ત્રિવેદી સાવરકુંડલા, કિશોરભાઈ ભટ્ટ દામનગર, અંબરીષભાઈ જોષી ખાંભા, સિધ્ધાર્થભાઈ ઠાકર અમરેલી, રાજનભાઈજાની અમરેલી, રોહીતભાઈ મહેતા અમરેલી, મંત્રીપદે દુષ્યંતભાઈ ભટ્ટ રાજુલા,વેણીશંકર ભાઈ ધાંધીયા બગસરા, દિવ્યકાંતભાઈ જોષી સાવરકુંડલા, ડો. કિર્તીભાઈ બોરીસાગર ખાંભા, ડો. મુકેશભાઈ ત્રિવેદી લાઠી, અનિભાઈ મહેતા વડીયા અને સહમંત્રીપદે નરેશભાઈ મહેતા અમરેલી, પંકજભાઈ ઈંદ્રોડીયા બાબરા, જયેશભાઈ ઠાકર જાફરાબાદ, મલયભાઈ મહેતા અમરેલી, ધવલભાઈ ઠાકરઅમરેલી, લલીતભાઈ મહેતા ચલાલા અને સંગઠન મંત્રીપદે આનંદભાઈ ભટ્ટ, સાહસભાઈ ઉપાધ્યાય, હસુભાઈ રાજયગુરૂ, સંદીપભાઈ પંડયા, મુકેશભાઈ તેરૈયા તેમજ કોષાધ્યક્ષ તરીકે સંજયભાઈ જોષી, સહ કોષાધ્યક્ષ પદે સુનીલભાઈ રાજયગુરૂ અને જિલ્લા મહિલા પાંખમાં પ્રમુખપદે નયનાબેન આચાર્ય, મહામંત્રીપદે કાશ્મીરાબેન વ્યાસ, કિરણબેન ત્રિવેદી અમરેલી શહેર મહિલા પાંખના પ્રમુખપદને કલ્પનાબેન જાની મહામંત્રી પદે ક્ષમાબેન જાની, જલ્પાબેન ત્રિવેદી અમરેલી જિલ્લા યુવા પાંખમાં પ્રમુખપદે તેજસ ત્રિવેદી, મહામંત્રી ઉમંગભાઈ ત્રિવેદી,

અનુસંધાન પાના ૬ ઉપર

## પરિક્રમામાં પર્યાવરણની જાળવણી ભુલાઈ



જયારે વન્ય સૃષ્ટિનાં રક્ષિણ ક્ષેત્રમાં માનવીય હસ્તક્ષેપ થાય છે ત્યારે ન કલ્પી શકાય તેટલું, ભરપાઈ ન થઈ શકે તેટલું નુકસાન પર્યાવરણ સાથે, વન્ય પ્રજાપતિને પણ થાય છે. આ તસ્વીર પોતાની મેળે જાતે જ કડવી વાસ્તવિકતા બયાન કરે છે. માનનવીય હરકતો જયારે આ નિર્દોષ પ્રાણીઓને ભોગવવી પડે. બની શકે કે આનાથી કોઈ વાયરસ પણ ઉદભવી શકે, પોતાની બેદરકારી ભરી, નિષ્કાળજીપૂર્વકની ટેવને કારણે માનવી પોતાનો તમામ પ્રકારનો કચરો જેમફાવે તેમ પાછળ છોડતો જાય છે ત્યારે નુકસાન પ્રકૃતિને થાય છે અને જયારે પ્રકૃતિ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ હદ વટાવી જાય ત્યારે કુદરતી આફતો ધ્વારા પોતાનો વળતો જવાબ આપે છે. આ તસ્વીર તાજેતરના લીલી પરિક્રમા રૂટની છે. આવી તો અસંખ્ય હરકતો છુપાયેલ રહી જાય છે. અરે... કોઈએ જાત અનુભવ મેળવવો હોય તો પરિક્રમા પૂર્ણ થયા પછી તે રૂટમાં ચકકર લગાવશો તો માનવીય મળ મૂત્રથી માથુ ફાટી જાય તેટલી દુર્ગંધ સારાએ વિસ્તારમાં આવતી હોય છે તો કલ્પના કરો કે વન્ય જીવ સૃષ્ટિને તે કેટલું નુકસાન કરતી હશે.

તસ્વીર-અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ-સાવરકુંડલા

### નાના આંકડીયાનાં ખેડૂતને પ્રતિ મણ રૂપિયા ૨૧૫૧નો ભાવ મળ્યો

# અમરેલી : માર્કેટયાડમાં સિઝનની નવી તુવેરની આવક શરૂ થઈ

### ખેડૂતોને પુરતા પ્રમાણમાં ભાવ મળતા સૌ ખુશ

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં સાવરકુંડલા રોડ ખાતે બનેલ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-અમરેલી, નવા માર્કેટયાર્ડમાં ગત તા. ૨૫/૧૧/૨૦૨૩ને શનિવારનાં રોજ સિઝનની નવી તુવેરની આવક શરૂ થઈ હતી. જેમાં હિંમતભાઈ રે. નાના આંકડીયા ગામનાં ખેડૂત કમિશન એજન્ટ શ્રી રામ ટ્રેડીં કું ની દલાલીમાં અંદાજીત ૨૧ કટાં જેટલી તુવેર લઈ આવેલ હતાં અને નવી તુવેરની ખરીદી વેપારી શ્રી ધારા ટ્રેડર્સ દ્વારા કરવામાં આવેલ હતી. જેના પ્રતિ મણનો ભાવ રૂા. ૨૧૫૧/- સુધી થયેલ. આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવી તુવેરની આવક શરૂ થઈ ગયેલ છે અને ખેડૂતોને તેનાં ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેકેટરી તુષારભાઈ હપાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### ધારી નજીક આવેલ

# છતડીયા-નવા ગામ જવાનાં રસ્તે વાડીમાં રાખેલ રૂા. ૧.૨૨ લાખનાં રોટાવેટરની ચોરી

### વાડીમાં ખુલ્લામાં ટ્રેકટરનું રોટાવેટર રાખવામાં આવેલ

અમરેલી, તા. ૨૫

ધારી તાલુકાનાં છતડીયા ગામે રહેતા અને નવા ગામ જવાનાં રસ્તે વાડી ધરાવતા બિજલભાઈ હીરાભાઈ બાંભણીયા નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધ ખેડૂતે પોતાની ભાગવી રાખેલ જયંતિભાઈ ચોવટીયાની વાડીએ રાખેલ ખેતીના ઉપયોગમાં લેવાનું ટ્રકટરનું રોટા વેટર કિંમત રૂા. ૧,૨૧,૫૦૦ની કિંમતનું ગત તા. ૨૧ નાં રોજ સાંજના સમયે વાડીનાં દરવાજે લોખંડના દરવાજે ગેઈટ ઉપર મારેલ તાળુ તોડી રોટાવેટર ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાઈ છે.


બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા) Since 1986

તમારી કિંમત ત્યાં સુધી જ છે, જયાં સુધી તમારી પાસે એવું કંઇક છે જે પૈસાથી ખરીદી શકાતું નથી...!!

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.) ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

હાઉસફુલ... જાદુગર વૈતાલ... હાઉસફુલ...

દર રવિવારે બે શો.... ૬:૦૦ તથા ૯:30 કલાકે

ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...

સમીર પટેલ પ્રસ્તુત મેજીક ઓફ ઈન્ડિયા

દરરોજ રાત્રે ૯:30 કલાકે

સ્થળ : મ્યુનિ.ગર્લ્સ સ્કૂલ નાગનાથ મંદિર પાસે, અમરેલી.

જાદુગર વૈતાલ

જાદુગર તેજા

Jaya Art & Culture

સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી

ટીકીટના દર વી.આઈ.પી. રૂા. ૧૫૦ ■ ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦ સેકન્ડ કલાસ રૂા. ૭૦

ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજીક સંસ્થાના શો માટે સંપર્ક કરો. મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧

બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઈવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે


રજી.નં.એફ-૩૪ અમરેલી
નોંધણી નં. ગુજરાત-૭૪ અમરેલી

શ્રી મિલનભાઈ આર. ઝાટકિયા-નિયામકશ્રી
શ્રી રાજેશભાઈ બી. ઠુંમર-મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
મો.નંબર :- ૯૮૭૯૭ ૧૭૧૩૩

**શ્રી ગ્રામ વિકાસ મંડળ - ગોપાલગ્રામ**
મુ. ગોપાલગ્રામ-૩૬૫૬૩૦, તા. ધારી, જિ. અમરેલી.

## જોઇએ છે

શ્રી ગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રી ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ-ગોપાલગ્રામ તાલુકો :-ધારી, જિલ્લો:- અમરેલી સને ૨૦૨૩-૨૪ ના વર્ષ દરમ્યાન ધો. ૧૧ (સેલ્ફ ફાઈ.) માટેની નીચેની વિગતે શિક્ષકોની જરૂરીયાત હોય, લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચેના સ્થળ અને સમયે જરૂરી આધારો સાથે શાળામાં રૂબરૂ ઈન્ટરવ્યુમાં હાજર રહેવું.

| ક્રમ | વિષય | લાયકાત |
|---|---|---|
| (૧) | મનોવિજ્ઞાન | એમ.એ.બી.એડ્. |
| (૨) | અર્થશાસ્ત્ર | એમ.એ. બી.એડ્. |

ઈન્ટરવ્યુ સ્થળ :- શ્રી ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ - ગોપાલગ્રામ
ઈન્ટરવ્યુ તારીખ :- ૦૬/૧૨/૨૦૨૩, બુધવાર.
ઈન્ટરવ્યુનો સમય :- ૧૧:૦૦ કલાક
મોબાઈલ નંબર :- ૯૯૭૮૪ ૭૦૮૯૪/૯૬૮૭૭ ૫૨૫૭૭/૯૮૭૯૭ ૧૭૧૩૩

પ્રમુખશ્રી/મેનેજીંગ ટ્રસ્ટી
શ્રીગ્રામવિકાસ મંડળ ટ્રસ્ટ
ગોપાલગ્રામ

આચાર્યશ્રી
શ્રી ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ
ગોપાલગ્રામ




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)